Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૭ નવેમ્બર–૧૯૯૫ અંક : ૨

## પોતાના વ્યક્તિગત અનુભવને વધુ મહત્ત્વ

સાધકની અંદર શ્રદ્ધા ને પ્રેમ જાગી જાય, તો પોતાની સાધના માટે ભલેને તે કોઈ એવો માર્ગ અખત્યાર કરે જે તેની પહેલાંના શાસ્ત્રોના માર્ગ સાથે મેળ ખાતો નહિ હોય, છતાં પણ તે જરૂર સફળ થશે. તેની સાધના માનને પાત્ર જ ગણાશે. શાસ્ત્રીય પદ્ધતિ સાથે તેની સાધના બરાબર બંધ બેસતી નહિ હોય તો પણ, તેની નિષ્ઠા વિશે શંકાશીલ બનવાની જરૂર નથી. શાસ્ત્રો મહાપુરુષોના અનુભવના નીચોડરૂપ છે. તેમની કેટલીક વાતો સર્વ સામાન્ય હોય છે. પણ મહાપુરુષો સંસારમાં કાયમને માટે થયા જ કરવાના ને પોતપોતાને યોગ્ય લાગે તે માર્ગે વિકાસ કરતા રહેવાના. તેમનો વિકાસ શાસ્ત્રોમાં કહેલી એક જ પદ્ધતિનો હોવો જોઈએ એવો દુરાગ્રહ આપણે શા માટે રાખીએ? માણસ સ્વતંત્ર છે. તેને વિકાસ કરવાની ને તે માટેની સાધનાની પસંદગી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. પહેલેથી તેને અમુક રૂઢિ, શાસ્ત્ર કે વિધિના બંધનમાં બાંધી દેવાની જરૂર નથી. શાસ્ત્રની વિધિમાં ઉમેરો કે સુધારો કરવાની છૂટ પણ તેને હોવી જોઈએ. સાથે સાથે પોતાના સ્વતંત્ર અનુભવનું શાસ્ત્ર રચવાની સ્વતંત્રતા તેને આપવામાં આવે તો પણ કશી હરકત નથી. એનો અર્થ એમ નથી કે પોતાની પહેલાંના મહાપુરુષોનો જે અનુભવ વારસો તેને સહજ રીતે મળી ચૂક્યો છે તેની તે ઉપેક્ષા કરે અથવા તેનો લાભ લે નહિ. તેનો લાભ તે જરૂર લે. પણ વધારે મહત્ત્વ પોતાના વ્યક્તિગત અનુભવને આપે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫–૦૦

વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સર્વેશ્વરી તીર્થનો પાટોત્સવ | તંત્રી | ૧૧ |
| શ્રી શ્રી મા સર્વેશ્વરીનું પ્રાકટ્ય | નારાયણ હ. જાની | ૧૨ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ મ. મહેતા | ૧૮ |
| થોડીવાર | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૧ |
| દુર્જનનિંદા | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૨ |
| ભગવાન શંકરને પ્રાર્થના | પરમાર્થી | ૨૩ |
| આતમરામ | વિનોબા | ૨૫ |
| શ્રીમોહનભાઈ પટેલ—એક નવા સાધક | ડો. ભીમજીભાઈ જાગાણી | ૨૮ |
| અદ્‌ભુત અનુભવ | પ. પૂ. રાજર્ષિ મુનિજી | ૩૨ |
| ચારિત્ર્ય નિર્માણ | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૪૭ |
| બીજાને માટે જીવવાનો મહામંત્ર | મહાત્મા યોગેશ્વરજી | ૫૨ |
| શ્રી શ્રી મા શારદાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૭ નવેમ્બર—૧૯૯૫ અંક : ૨

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨-૫-૮૧, શનિવાર, ચૈત્ર વદ તેરસ, ૨૦૩૭,

સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત-૯

સૂર્ય જેટલો નિયમિત એટલું જ નિયમિત પૂ. શ્રીનું જીવન. સવારે જલ્દી ઊઠી વ્યાયામ કરી સ્નાન કરવામાં સૌ પ્રથમ શિર્ષાસન કરી લે છે. ત્યારપછી દંડબેઠક ને બીજાં આસનો થાય છે. આસનો કર્યા બાદ આરામ માટે શવાસનમાં પૂ. શ્રી સૂઈ જાય જાય છે, ત્યારે દરરોજનો ગીતાપાઠ કરી લે છે, ત્યારબાદ પૂ. શ્રી દૂધ લે છે. દૂધ લીધા પછી તરત જ પૂ. શ્રી કલમ લઈને બેસી જાય છે. રામાયણનું કાવ્યમાં ભાષાંતર શરૂ કરી દે છે. છેક સાડા અગિયાર સુધી કાર્ય ચાલુ જ રહે છે.

સાડા અગિયાર પછી પૂ. શ્રી આજે પંદર મિનિટ આરામ કરે છે, કારણ કે આજે શ્રી ભટ્ટસાહેબને ભોજન લાવતાં થોડું મોડું

થાય છે. પોણાબાર વાગ્યે પૂ. શ્રી ભોજન માટે નીચે બેસી જાય છે. પૂ. શ્રીના રૂમમાં જ એક આસન પર નીચે બેસવાનું હોય છે. સામે ટીફીનના ડબ્બા ખોલવામાં આવે છે. પૂ. શ્રી દરરોજની જેમ પોતાને અને સર્વેશ્વરીને પીરસે છે. ત્યારબાદ બંને સાથે જ ભોજન લેવા બેસે છે.

ભોજનનું કાર્ય ૧૫ મિનિટમાં પૂર્ણ થાય છે. પૂ. શ્રી બરાબર બાર વાગે બહારના રૂમમાં આવી જાય છે. સૌ ભાઈબહેનો બહાર ઓટલા પર બેઠા હોય છે, તે અંદર આવી પ્રણામ કરી પોતાનું સ્થાન લે છે. પૂ. શ્રી આજે શ્રી ભટ્ટસાહેબ સાથે સવાબા વાગ્યા સુધી સાહિત્યની ચર્ચા કરે છે. ત્યાં વળી આજે કપુરાથી ફરીથી બીજાં આઠ–નવ બેનો પૂ. શ્રીના દર્શને આવે છે. સૌ બેઠાં છે. પૂ. શ્રીની સાહિત્યની ચર્ચા પૂર્ણ થઈ. પૂ. શ્રીએ સર્વેશ્વરીને એક દિવસની નોંધ વાંચવાની સૂચના કરી. સર્વેશ્વરીએ તા. ૧–૫–૮૧ એટલે કે ગઈકાલની જ નોંધ વાંચી અને ભાવનગરના નિવાસની પણ નોંધ વાંચી.

**પૂ. શ્રી :** કોઈને હવે કાંઈ પૂછવું હોય તો પૂછો. આજે સત્સંગમાં ડો. રમાબેન પણ આવ્યાં છે. તેઓએ પ્રશ્ન પૂછવાની શરૂઆત કરી.

**રમાબેન :** હું મોટાના મૌન મંદિરમાં બેસું છું ત્યારે એકવાર મને ઊઘાડી આંખે એ બંધ રૂમમાં વાવાઝોડું આવ્યું હોય એવો અનુભવ થયો. મેં તો તેને પ્રણામ કર્યા, પણ તે શું હશે? ભ્રમણા તો નથી ને?

**પૂ. શ્રી :** ભ્રમણા તો કેવી રીતે હોઈ શકે? સાધના કરવા પવિત્ર ભૂમિ ઉપર બેસીએ તો પ્રભુ અસાધારણ અનુભવ આપે



તો જ વિશ્વાસ વધે ને. પરમાત્મામાં શ્રદ્ધા વધે. એની શક્તિમાં વિશ્વાસ વધે. કોઈક સાથે જ છે તેવો અનુભવ થાય તો ભગવાન અથવા મહાપુરુષની શક્તિ સાથે છે, એટલે પછી ડર નહીં લાગે ને, પવિત્ર સ્થાનોમાં અનુભવો થાય એનાથી શ્રદ્ધા વધે છે.

પૂછનાર બેન શ્રી ડો. રમાબેનને ઉત્તરથી સંતોષ થઈ ગયો. ત્યાં વળી ભટ્ટસાહેબ પ્રશ્નોનો કાગળ પૂ. શ્રી આગળ ધરે છે. પ્રશ્નો કોઈ બીજાના છે. પૂ. શ્રીની સૂચનાથી તેઓ વાંચે છે.

**પ્રશ્ન :** તમે કાચનાં વાસણોનો ઉપયોગ કેમ નથી કરતા?

**પૂ. શ્રી :** કેટલાંક કાચ પણ નહીં, પતરાળામાં જ ભોજન લે છે. અરે, ઘણા હાથમાં જ ભોજન લે છે. ધાતુમાં ઘણા ગુણો છે. તે બરાબર સાફ થઈ શકે. કાચનાં વાસણો પાણીમાં ફક્ત બોળીને જ સ્વચ્છ કરાય છે. તો તેમાં સ્વચ્છતા નથી સચવાતી. તાંબાનાં વાસણો ઘણાં ઉપયોગી છે, તો એલ્યુમિનિયમ બહુ સારી ધાતુ નથી.

**પ્રશ્ન :** જન્મ પછી છઠ્ઠે દિવસે વિધાતા લેખ લખી જાય તે શું સાચું?

**પૂ. શ્રી :** વિધાતા લેખ લખવા આવે તે મેં જોયાં નથી. જન્મ પછી છ દિવસે જ કેમ આવે? પાંચ દિવસ જે કર્મ કરવાં હોય તે કરી લો એવી શું છૂટ હશે!

વિધાતાને લેખ લખવાના બાકી રહેતા જ નથી. તમારા લેખ લખાઈ ગયા હોય છે. જેથી તમે કરેલાં કર્મોનાં ફળસ્વરૂપે જન્મ પામ્યા. જન્મ પછી સુખદુઃખ પણ થયેલાં કર્મ પ્રમાણે ચાલુ થઈ ગયાં. ત્યાં વિધાતાની ક્યાં રાહ જોવાય છે?

અને કરેલા નિયમો કે લખેલા લેખ કોણ ફેરવી શકે? જે બનાવે કે જે લખે તે જ ફેરવી શકેને! ભગવાનને પ્રાર્થના કરવાથી લેખ ફરી શકે છે. પણ તમારી પ્રાર્થના એવી સચોટ હોય તો ભગવાન ફેરવે પણ ખરા. લેખ પ્રભુ લખે તો લેખ પ્રભુ સુધારી પણ શકે. વળી તમારા લેખમાં તમે પણ સુધારા કરી શકો. સત્કર્મો કરવાથી પ્રારબ્ધ પણ સુધરી જાય છે.

**પ્રશ્ન :** સૂર્યને અર્ઘ્ય શા માટે આપવામાં આવે છે ને એ અર્ઘ્ય સમયે કંઇ પ્રાર્થના કરવી જોઇએ?

**પૂ. શ્રી :** લોકો પ્રાચીનકાળથી સૂર્યને અર્ઘ્ય ધરે છે. મંત્રો બોલે છે. અર્ઘ્ય એ પૂજ્યભાવનું સૂચક છે. પૂજ્ય પુરુષો પાસે આપણે ફૂલો, તિલક, પાણી વિ. લઇને તેઓનું પૂજ્યભાવે સ્વાગત કરીએ છીએ, તેમ જ પૃથ્વીના સાક્ષાત્ દેવતા સૂર્ય છે. સર્વનું મંગલ કરનારા છે. તો તેનું સ્વાગત મંત્ર, ફૂલ, પાણીથી કરાય છે.

**પ્રશ્ન :** જપધ્યાન કરું છું પણ શરીરને લીંગની સ્મૃતિ રહ્યાં કરે છે.

**પૂ. શ્રી :** વધુ ને વધુ જપધ્યાન કરો. પ્રાર્થના કરો. દેહાધ્યાસથી ઉપર ઊઠવાનો અભ્યાસ પાડો.

**ડો. રમાબેન :** (વચ્ચે જ પૂ. શ્રીને પ્રશ્ન પૂછે છે) દેહાધ્યાસથી ઉપર ઊઠવાનો અભ્યાસ કરતાં કરતાં મરી જવાય તો?

**પૂ. શ્રી :** જુઓ, જુઓ. અમારા માતાજીનો સ્વર્ગવાસ થયો તેની ખબર છે ને? તો, માતાજી માટે મેં છેલ્લાં વીસ વરસથી પૈસાની વ્યવસ્થા કરેલી. અનુભવે સમજાયેલું કે સ્વમાનથી રહેવું હોય તો પૈસા એ અનિવાર્ય છે. સમય બદલાશે તેમ બીજાના આધાર ઉપર જીવવું અઘરૂં છે. તેથી મેં માતાજીના નામે પૈસા



મૂકેલા. તો તે પૈસા આજે નકામા ગયા? ના, તે બેન્કમાં ડેથ સર્ટિફીકેટ રજૂ કરવું પડે જેથી તે નામને બદલે બીજા નામે તે ફેરવી શકાય.

તેમ આ જન્મે તમારું કરેલું કર્મ બીજા જન્મે તમારા જ નામે બદલી શકાશે. તમારું કરેલું નકામું ન જાય. નવા જન્મમાં તેવી જ વૃત્તિ, તેવી જ ભાવના તમને મળશે. વળી તમારો ગત જન્મનો અભ્યાસ હશે એટલે તમે બીજા જન્મે જલ્દી જાગશો, જલ્દી ચાલશો.

**ડો. રમાબેન :** મા સર્વેશ્વરી પણ જલ્દી જ જાગ્યાં ને? ખરું ને?

**પૂ. શ્રી :** તમને સૌને જલ્દી જાગ્યાં એમ લાગે પણ તમે તેમની ૧૦ વરસથી લખાયેલી ડાયરી આ કબાટમાં જ પડી છે, તે વાંચો તો ખબર પડે કે એની પાછળ ૧૦ વરસની પ્રાર્થના છે એટલે આ જન્મે જ પ્રભુએ અનુકૂળતા કરી આપી.

અનુકૂળતા મળવી એ પણ બેનો માટે તો મુશ્કેલ ગણાય. બેનોને સમાજનો, ઘરનો, શરીરનો, પોતાના શીલની રક્ષાનો એમ બધો જ વિચાર કરવો પડે. પૂર્વના સંસ્કારો અતિશય બળવાન હોય તો જલ્દી જાગ્રત થવાય. એઓ તો પૂર્વે સાધ્વી હતાં. હજારો એમને 'મા' તરીકે પૂજતાં, સ્તુતિ કરતાં તો પછી તે વારસો થોડોક તો આ જન્મે આવેજ ને!

જે જે જીવો પૂર્વ સાથે સંકળાયેલા છે તે તે હવે મળે છે. તે તે જીવો ઉપર તેમનાં માબાપ નથી રાખતાં, એટલો પ્રેમભાવ એઓ બધા નવા નિશાળીયાઓ ઉપર રાખે છે. વડોદરામાં અમારા એક પ્રેમી ભાઇ છે. ૧॥ વરસથી જ પરિચય પણ શું પ્રેમભાવ છે!

પૂર્વના ફણગા ફૂટયા વિના આટલો પ્રેમભાવ મળે ખરો? એમના પિતાજી પણ એવા જ શ્રદ્ધાળુ છે. પહેલાંના ભક્તો થોડા વડોદરામાં, થોડા મોરબીમાં, થોડા કપૂરામાં પણ જન્મ્યાં છે.

(શ્રી જીતુભાઈની વિગતવાર વાતો કરે છે જેમાં પ્રથમવાર–પ્રથમ દિવસનો પરિચય–ઉપર મકાન બાંધવાની વાત–જીવનભર સેવા કરવાની વાતો વગેરે થાય છે.)

બેનો બહાર નીકળી તો પડે, પણ પછી ઉપાધિનો પાર નથી, આ તો એમને બધાં જ જ્યાં જ્યાં જઈએ, ત્યાં ત્યાં અનુકૂળ થઈ જાય છે.

**ડો. રમાબેન :** સર્વેશ્વરી નામ કોણે આપ્યું? વિષ્ણુસહસ્રનામ-માં 'સર્વેશ્વર' નામ આવે છે, અને આ સર્વેશ્વરી નામ છે.

**પૂ. શ્રી :** મોરબી શિબિરમાં એમનું એ નામ આપ્યું. ત્રણ વરસથી મેં એમને ડાયરીમાં લખી આપેલું કે તમે ત્યાગ કરશો. ત્યાગ કરે તો નાનું ને લોકજીભે ચઢે એવું નામનું સૂચન જગદંબાએ કર્યું. તેણે એ નામ આપ્યું છે. નામ તો વ્યવહારનું સાધન છે ને!

પહેલાનાં અમારા ભક્તો મોરબીમાં પણ છે. તો જુઓ સાંભળો, કેવા દોહા બનાવ્યા છે. પ્રેમ વિના એવા દોહા કોણ બનાવી શકે? સાંભળો.

ત્યાં તો પૂ. શ્રીની આજ્ઞાથી સુતરીયા દોહા સંભળાવે છે.

(૧) ગુજરાત અતિ રળિયામણું ને મહીં કપૂરા એ ગામ;
જગદંબા સ્વરૂપે પ્રગટયાં, એનું મા સર્વેશ્વરી છે નામ.

(૨) એ જ રાધા, એ જ સીતા, એ જ રૂક્મિણી;



(૩) દીનદયાળી કપૂરાવાળી....

------

વિગેરે દોહાઓ ભાવિકોએ શાંતિથી સાંભળ્યા.

**પૂ. શ્રી :** એટલે મરણ થશે તો પણ નકામું નહીં જાય. અનંત જીવન સુધી બીજ તો કામ કરશે જ. કલ્યાણ કરનારાની દુર્ગતિ થતી જ નથી.

**પ્રશ્ન :** ભગવાન કૃષ્ણનો દેહત્યાગ ક્યાં ને કઈ રીતે થયો?

**પૂ. શ્રી :** ભાગવતના ૧૨ મા સ્કંધમાં એ વાત આવે છે. સમુદ્ર ને સરિતાનો જ્યાં સંગમ થાય છે ત્યાં સૌના દેખતાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના દેહને સ્થૂળ રીતે પૃથ્વીથી ઉપર ઊઠાડયું. લોક લોકાન્તરમાંથી તે દિવ્ય શરીર પસાર થઈ ઉપર ગયું. લીલાસંવરણ એ રીતે કર્યું. દેહનો ઉત્સર્ગ (દેહોત્સર્ગ) નથી કર્યો, પોતાની લીલાનું સંવરણ કર્યું.

હવે કેટલા વાગ્યા છે એમ પૂછવાનું પૂ. શ્રીને રહ્યું જ નહીં. ભટ્ટ સાહેબે ૧॥ વાગ્યો એમ કહ્યું જેથી પૂ. શ્રીએ હરિઃ ૐ કરો એમ કહ્યું. સૌને પ્રસાદ વહેંચાયો.

આજે કપૂરાથી આવેલાં એક બેને પૂ. શ્રી પાસે મંત્ર લીધો. થોડીવાર વાતો કરી પૂ. શ્રી પોતાના ઓરડામાં આરામ કરવા આવી જાય છે. ઓરડામાં આવી ગુજરાતમિત્ર ને સંદેશ નામનાં પેપરો ઉપર પૂ. શ્રી નજર નાંખે છે.

સર્વેશ્વરી કપૂરાથી આવેલાં બેનોને વિદાય આપે છે. ત્યારબાદ થોડો આરામ કરી ૫ વાગ્યા સુધી ડાયરીનું લેખન કરે છે. આજે પાંચ વાગ્યે પૂ. શ્રી માટે વાડીલાલનો જાણીતો આઈસક્રીમ મંગાવવામાં આવે છે. અતુલ નામનો નાનકડો સેવાભાવી યુવાન

બરાબર પાંચ વાગે આપી જાય છે. તેને પણ થોડો પ્રસાદ આપવામાં આવે છે.

પાંચથી સવા છ સુધી પૂ. શ્રી તથા સર્વેશ્વરી બંને ફરી લેખન કરે છે. સમય થતાં પ્રવચન સ્થળે જઈ પ્રવચન થાય છે.

પ્રવચન સ્થળ ઉપરથી ૮.૩૦ વાગે વિદાય થવાનું બને છે. એક અસ્થિર આજ્ઞાની બેનને પૂ. શ્રી જરા કડક શબ્દોમાં શિખામણના બે શબ્દો ત્યાં હોલ પર કહે છે.

ઉતારા પર આવી પૂ. શ્રી જનકબેનના ઘરનું ભોજન ખીચડી ને દૂધ લે છે, સર્વેશ્વરી પણ તેમની સાથે જ દરરોજની જેમ ભોજન લે છે.

પૂ. શ્રી ભોજન બાદ પ્રાર્થનામાં બેસે છે. સર્વેશ્વરી થોડું સફાઈકાર્ય પતાવી ડાયરીની નોંધ કરી આરામ કરે છે, ત્યારે ઘડિયાળમાં પોણા દશ થયા હતા. હરિઃ ૐ

(ક્રમશઃ)


**વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે,**
**યોગશિબિરના આયોજન માટે**
**ડૉ. હિમાંશુ પાઠક,**
**શ્રી હેમીના પાઠક.**
**✻ યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર ✻**
ડૉ. મનસુખલાલ ટાવર, અઠવાલાઈન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯ ઘર : ૬૮૫૨૮૩




# સર્વેશ્વરી તીર્થનો પાટોત્સવ

તંત્રી

રાજકોટમાં શ્રી જે. કે. માવાળાને ત્યાં સોરઠીઆ વાડીના રહેઠાણમાં 'શ્રી સર્વેશ્વરી તીર્થ'ની સ્થાપના પ. પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીના હાથે તા. ૨૮–૧૧–૯૪ ના રોજ ખૂબ ધૂમધામથી કરવામાં આવેલ. તેનો વાર્ષિક પાટોત્સવ આગામી નવેમ્બર ૯૫ ની ૨૮ મી તારીખે છે. તે પ્રસંગે શ્રી યોગેશ્વરપરિવારના સર્વે સાધક ભાઈબહેનોને શ્રી જે. કે. માવાળા પરિવાર તરફથી રાજ-કોટ પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આગલા દિવસે આવનાર સાધકો માટે ઉતારાના તથા રાત્રિ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

સ્થળઃ–શ્રી જે. કે. પટેલ (માવાળા) એમ.–૩૨, આશીર્વાદ, નીલકંઠ પાર્ક, નીલકંઠ સીનેમા સામે, મ્યુ. શાળા નં. ૬૩ ની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૪


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

# શ્રી શ્રી મા સર્વેશ્વરીનું પ્રાકટય

## આ પૃથ્વી પરની એક વિરલ ઘટના

નારાયણ હ. જાની

[૧૩ નવેમ્બર એ પૂ. માનો જન્મદિવસ છે. તેના સંદર્ભમાં આ લેખ મૂક્યો છે.]

આ સંસારમાં સંશોધનો તો થતાં જ રહે છે. ભૌતિક ક્ષેત્રે થતી શોધો પ્રત્યે માણસોનું ધ્યાન વિશેષ રીતે ખેંચાય છે, કારણ તેનાં પરિણામો સ્થૂલ ઇન્દ્રિયોદ્વારા જાણી ને અનુભવી શકાય છે. પરંતુ જ્યારે આધ્યાત્મિક ક્ષેત્રે કોઇ વિરલ નવીન ઘટના બને, કે કોઇ શોધ થાય ત્યારે તેના પ્રત્યે લોકોનું ધ્યાન બહુ જલ્દી ખેંચાતું નથી. તેનાં ઘણાં કારણોમાંનું મહત્ત્વનું કારણ એ છે કે તેની સાચી મહત્તાનો ખ્યાલ જનસમાજને ઘણો મોડે મોડે આવતો હોય છે. તેનાં પરિણામો સૂક્ષ્મ હોવાથી સ્થૂલ ઇન્દ્રિયોથી તત્કાલીન દૃષ્ટિગોચર થતાં નથી.

ચાલો, આપણે આ વાત વધારે સ્પષ્ટ રીતે સમજીએ. ન્યૂટને જ્યારે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો ત્યારે તેની નોંધ પ્રથમ વિજ્ઞાનીઓએ અને પછી જનસમાજે લીધી. આર્કીમીડીસે ઘન-પદાર્થ પ્રવાહીમાં કયા કારણસર તરે છે એ Law of Floatation–સમજાવી જગતમાં ખ્યાતિ મેળવી. તો માર્કોનીએ વાયરલેસની શોધ કરી અને એલ્વા એડિશને તો ગ્રામોફોન તેમ જ બીજી નાની મોટી અનેક શોધો આ સંસારને ચરણે ધરી, મહાન વૈજ્ઞાનિક બન્યા. છેલ્લે અણુવૈજ્ઞાનિક આઇન્સ્ટાઇનની અણુશોધે તો મોટી ક્રાન્તિ સર્જી!



તો એવીજ વિરલ ઘટના પરમહંસદેવ શ્રી રામકૃષ્ણનું પ્રાકટય હતું. પણ તે વખતનો સમાજ એની કેટલી નોંધ લઇ શક્યો? કેટલા અલ્પ સંખ્યક લોકો એમને તે વખતે જાણી, ઓળખી અને લાભાન્વિત બની શક્યા? તેનું મુખ્ય કારણ એ છે કે આવા અતિ મહાન મહાપુરુષોને સાચી રીતે સમજીને ઓળખારા માણસો હંમેશાં ઘણા ઓછા હોય છે. વળી આવા મહાપુરુષોના પ્રાકટયની અસરો અતિ સૂક્ષ્મ હોય છે એટલે કેવળ સ્થૂલ દૃષ્ટિથી વિચારનારો જનસમાજ એમને કેવી રીતે ઓળખી શકવાનો? અને ઓળખે નહિ તો લાભ તો ક્યાંથીજ લઇ શકવાનો? એટલે આવી અતિ મહત્ત્વની ઐતિહાસિક ઘટનાઓની નોંધ તત્કાલીન લોકો લઇ શકતા નથી. પાછળથી કોઇ મહાપુરુષો તેમનો સાચો પરિચય આપે ત્યારે જ આપણને તેઓની મહાનતા ને ભવ્યતાનો ખ્યાલ આવે છે. પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના જીવનમાં આમ જ થયું. સ્વામી વિવેકાનંદ અને તેમના સાથીઓ જો ના થયા હોત તો આજેય આપણે એ મહાપુરુષને ઘણા અલ્પ પ્રમાણમાં ઓળખી શક્યા હોત.

અમારી દૃષ્ટિએ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની સાધના અને એ સાધનાના ફલસ્વરૂપ પ. પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીનું પ્રાકટય એ પણ આધ્યાત્મિક ઇતિહાસની અતિ વરલ ઘટનાઓમાંની એક છે. એવું ના માનતા કે અમે આ વિધાન ગુરુ પ્રત્યેના કોઇ અહોભાવથી પ્રેરિત થઇને કહી રહ્યા છીએ. અમે તે બુદ્ધિગમ્ય રીતે સમજાવી પણ શકીએ તેમ છીએ.

આપણા ભૂતકાલીન આધ્યાત્મિક ઇતિહાસ તરફ નજર નાંખશો તો જણાશે કે આ દેશમાં અને બીજે સન્તો, મહન્તો ને મહાત્માઓ ઘણા થયા છે, જેમણે પોતાની વ્યક્તિગત સાધનાને જોરે કરીને, જગતમાં સદાય વ્યાપી અને વિલસી રહેલ પરમ

શક્તિનો સાક્ષાત્કાર કર્યો હોય. એમનો એ અનુભવ એમના પૂરતો જ સીમિત રહ્યો અથવા કહો કે કોઇ એમના પગલે ચાલી સાધના કરે તો એનો અનુભવ કરી શકે. બસ. આથી વિશેષ કંઇ નહિ.

પરંતુ શ્રી યોગેશ્વરજી એક એવા વિરલ સન્ત જન્મ્યા કે તેઓએ પોતાની સાધનાનું લક્ષ્ય માત્ર પરમશક્તિની અનુભૂતિ પૂરતું જ મર્યાદિત ના રાખ્યું. તે અનુભૂતિ તો ખરી જ, પરંતુ તેથી આગળ વધી, તે પરમશક્તિને માનવશરીરમાં પ્રકટાવી–જન-સમાજ માટે દર્શન અને સ્પર્શનનું દિવ્ય સુખ લેવા સ્થૂલ ઇન્દ્રિયોથી દૃષ્ટિગોચર થાય તે રીતે, સુલભ કરી દીધું. સામાન્ય માનવો માટે મુક્તિનું મહાદ્વાર ઊઘાડી આપ્યું. આ એક વિરલ ઘટના નહિ તો બીજું શું છે?

જે પરમશક્તિની થોડી ક્ષણોની ઝાંખી માટે સાધકોને વર્ષો સુધી એકાંતમાં બેસી–પલાંઠી વાળી સાધના કરવી પડે, તપ અને તિતિક્ષાનો આશ્રય લેવો પડે, વ્રત ઉપવાસો કરવા પડે, તે જ શક્તિ જ્યારે આટલી બધી સુલભ બની છે ત્યારે–તે આધ્યાત્મિક જગતની એક વિરલ ઘટના નથી શું?

પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી પોતે તે પરમશક્તિનો (એટલે શ્રી શ્રી મા સર્વેશ્વરીનો) પરિચય આપી ગયા છે. પોતાના હસ્તાક્ષરોમાં એ પાછળનો હેતુ એટલો જ કે રખે દુન્યવી માણસો એ પરમ વાત્સલ્યમયી–તપસ્વીની વિભૂતિને ઓળખવામાં ઉણા ઉતરે અને એના લાભથી વંચિત રહી જાય!

પરંતુ માનવોનું કેવું કમભાગ્ય છે! એ પરમ વિભૂતિ જ્યારે પ્રત્યક્ષ હાજર છે ત્યારે તેની સમીપ જઇ, પ્રેમ અને વાત્સલ્યની લહાણ માણવાને બદલે એ તપ, વ્રત ઉપવાસોનો આશ્રય લેવા એનાથી વિમુખ બની જાય છે! નાક પકડીને પ્રાણાયામોની કસરત કરે છે, અરે, આ જીવંત તીર્થને મૂકીને–પેલાં સ્થૂલ



તીર્થોમાં એને ક્ષણિક પામવાનાં ફાંફાં મારે છે. વગર સાધનાએ પ્રભુએ જે સુલભ કરી આપ્યું છે એનો આનંદ લૂંટવાને બદલે તે સાધનોની શોધમાં ભટકવા માંડે છે. આ કરૂણતા શું ઓછી છે?

પૂ. મા શ્રી સર્વેશ્વરીનું પ્રાકટ્ય તો આ પૃથ્વી પર તપ, તિતિક્ષા અને વાત્સલ્યનાં નવાં પરિમાણો પ્રસ્થાપિત કરવા માટે છે. જે પરમશક્તિનો મહિમા સંતો અને શાસ્ત્રોએ આટલો બધો ગાયો છે, તે માનવરૂપે ખરેખર કેવી હોઇ શકે, એનો પ્રત્યક્ષ અનુભવ કરાવવા માટે છે. તેમનું દર્શન સમસ્ત શાસ્ત્રોના સારરૂપ છે. માણસે કશું જ કરવાનું નથી. એ વાત્સલ્યમયી 'મા'માં શ્રદ્ધા રાખી એનું શરણ લઇ લેવાનું છે જે રીતે શ્રી જે. કે. કે કલ્યાણે લઇ લીધું છે. બીજા અનેકો લઇ રહ્યા છે. અરે, અમે ખાત્રીથી કહી શકીએ એમ છીએ કે હે માનવ, તું આ કળીયુગમાં બીજી સાધનાની ઉપાધિમાં પડયા સિવાય અમારી આ માનું સાચું શરણું લઇ જો–અને તને જો તારા જીવનની ધન્યતા કે સાર્થકતાનો અનુભવ ના થાય તો અમારા ઉપર ફીટકાર વરસાવજે.

યુગો પછી બનેલી આ ઘટના છે. માણસે તો માત્ર તેનો લાભ જ લેવાનો છે. અરે, એના કોઇ પૈસા પણ બેસતા નથી. જે માણસો મુક્તિની આ સાક્ષાત્ શક્તિની કૃપા પામવાથી વંચિત રહી જશે, તેઓને ખબર નથી કેટલા જન્મો સુધી મુક્તિ માટે રાહ જોવી પડશે! આથી અમે પોકારી પોકારી–ભગવાન વેદવ્યાસની જેમ–બે હાથ ઊંચા કરીને કહીએ છીએ કે હે માનવો આવો. મુક્તિ માટેનો આ મોટો મહોત્સવ પ્રભુએ પૃથ્વીપર સર્જ્યો છે, તેનો લાભ લઇ, જીવનમાં પરમશાંતિ અને સુખનો લહાવો લઇ લો. જે પ્રેમ, શાન્તિ ને સાત્ત્વિક આનંદ તમે ઝંખો છો, તે તમોને

તેઓનાં શ્રીચરણોમાં તમને અવશ્ય મળશે. આજ મુક્તિ છે.

આમ છતાં પણ જો તમારે ના સાંભળવું હોય, તો માનવું જ રહ્યું કે મુક્તિ માટે તમારું ભાગ્ય ફૂટેલું છે.

(**નોંધ :** પૂ. મા હાલ કેનેડા છે. એકાંત અને મૌનમાં છે. એટલે તેઓનાં દર્શન ક્યારે અને ક્યાં થશે તે અંગે પત્રો લખી અમને પરેશાન ના કરે એવી વિનંતી છે. પૂ. મા ભારત જ્યારે પધારશે ત્યારે વાંચકોને અમે તેની જાણ કરીશું. —તંત્રી)

**ધ્યાન રાખો કે ધ્યેયની વિસ્મૃતિ ના થાય**

કેટલાક સાધકો સંસારના વિનાશશીલ વિષયોની વાસનાથી પ્રેરાઈને એમાં આસક્તિ કરી બેસે છે ને જીવનના આધ્યાત્મિક વિકાસના ધ્યેયને ભૂલી જાય છે. તેથી વિષયોની મમતા, મોહવૃત્તિ, આસક્તિ જીવનના અધઃપતનનું કારણ બને છે. તેથી જીવનનું ધ્યેય કદી ભૂલાવું ના જોઈએ.

– યોગેશ્વરજી

*** પરફેક્ટ એન્ટરપ્રાઈઝ ***

**મરચન્ટ, એક્સપાર્ટ્સ, ઈમ્પોર્ટર્સ**

**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**

૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર

રજપૂતપરા મેઈન રોડ, રાજકોટ.

ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪



બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઈ મ. મહેતા

## સંવાદ ત્રીજો

આધ્યાત્મિક જીવનની બુનિયાદનું હૃદયમાં આરોપણ મારા માટે મૌલિક વિચારધારા ને આચારધારાનો પ્રારંભ હતો. તે કરતાંય વધુ તો મારી ઈશ્વરમાં વધતી જતી શ્રદ્ધા ને તેનામાં વધતો જતો પૂજ્યભાવભર્યો પ્રેમ હતો. એક વાર હૃદયમાં આ પ્રેમનો પ્રવેશ થયો, તે પછી પહેલવહેલાં તે નિષ્ફિકર બની ગયો અને મગજમાં તે સિવાયનો કોઈ પણ વિચાર ઉદ્ભવે તો હું તેને ફગાવી દેતો, જેથી હું મારું પ્રત્યેક કર્મ કેવળ ઈશ્વરના પ્રેમ માટે જ કરી શકું.

એવી ક્ષણો વચ્ચે આવી જતી. જે દરમ્યાન ઈશ્વરચિંતનમાં અંતરાય આવી જતો. લાંબો સમય આવી અસહ્ય સ્થિતિનો અનુભવ થાય ત્યારે અશાંત બની જવાને બદલે હું ઈશ્વર સમક્ષ જઈને મારી આ દુષ્ટતાનો સ્વીકાર કરી પહેલાં હળવો બની જતો. મારી પ્રત્યે તેનો સદ્ભાવ મારી આવી વિસ્મરણની દુષ્ટતા છતાં જરાય ઓછો થયો નથી પણ વધ્યો છે, તે જોઈ હું ભાવવિભોર બની મારી દુષ્ટતા બદલ ભારે શરમ ને પશ્ચાત્તાપ અનુભવતો; ને તેને પહેલાં કરતાંય વધુ આવેગથી વળગી પડતો.

મેં જોયું, સ્પષ્ટ રીતે અનુભવ્યું કે ભક્તનો પ્રેમ ને શ્રદ્ધા જોઈ પ્રભુ પોતે, જાણે કે, કૃતજ્ઞ બની ગયો ન હોય તેવી ઉદારતા

બતાવી પોતાના ભક્ત ઉપર તે ગુંગળાય જાય તેટલી હદે કૃપાનો વરસાદ વરસાવે છે.

ઈશ્વરને ખાતર ગમે તેવું દુ:ખ સહન કરવાનો સંકલ્પ ધરાવનાર ભક્ત સંપૂર્ણપણે ઈશ્વરને આત્મ–સમર્પણ કરે છે, પૂર્ણ શરણાગતિ સ્વીકારે છે ત્યારે તે ભક્તને કોઇ પણ બાબતમાં ઉની આંચ ન આવે, તેને કોઇ અભાવ ન સતાવે તેનો સતત ખ્યાલ રાખે છે. ઈશ્વર પોતાના ભક્તની દુર્ગતિ કોઇ કાળે થવા દેતો નથી. પછી ભલેને એ ભક્તદ્વારા તેના રોજીંદા કર્તવ્યોમાં કોઇને કોઇ ઉણપ રહી ગઇ કેમ ન હોય! તેની ઉદારતા અમાપ છે, અતાગ છે, તેનું માપ કે તાગ કલ્પનાદ્વારા કાઢવુંય ભક્ત માટે મુશ્કેલ છે!

કોઇ પણ પ્રકારનાં એટલે કે બધા પ્રસંગોએ મને અણધારી રીતે તત્કાલ ઈશ્વરી મદદ મળતી રહેતી તે પછી કોઇ પણ લૌકિક કામકાજ કે વ્યવહારિક પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેની સફળતા માટે હું કદિ પૂર્વયોજના, પૂર્વતૈયારી કરતો જ નહિ. પરંતુ જ્યારે કર્તવ્યપાલનનો સમય આવતો ત્યારે શું કરવાનું છે, તે મારી સામેના અરીસામાં દેખાતા પ્રતિબિંબની જેમ સર્વ સ્પષ્ટ થઇ જતું હતું. છેલ્લે છેલ્લે હું આ પ્રમાણે કોઇ પણ ચિંતા કર્યાવિના જ મારે કરવાનાં કર્તવ્યોનું પાલન કરું છું પરંતુ તે પહેલાં ચિંતા કરવાની ટેવ હતી ત્યારેય બધાં કામ એવી રીતે થઇ જતાં કે ઈશ્વર મને સ્પષ્ટ બતાવી દેતો કે કોઇ કામની સફળતાની ચિંતા કરવાની કોઇ જરૂર જ ન હતી. ત્યારે મારી મૂર્ખાઇ ને ઈશ્વરમાં મારી શ્રદ્ધા ને પ્રેમ હજુ કેટલાં અધૂરાં છે તે સમજાતાં હું અત્યંત લજ્જિત થઇ જતો હતો.

'બાહ્ય સાંસારિક કર્તવ્યોના પાલનમાં મન એકાગ્ર બની જતાં, તે ઈશ્વર–સ્મરણથી છૂટું પડી જતું ત્યારે ઈશ્વર તરફથી જ



સંકેત (Signal) એકાએક આવતો ત્યારે મન પ્રબળ તાજી હવાની જેમ તેના તાજા સ્મરણથી ભરાય જતું. તે ઈશ્વરપ્રેમથી એટલું બધું પ્રજ્વલિત થઇ જતું કે વડવાનલ અગ્નિની જેમ તેને ઠારવાનું કામ અશક્ય બની જતું.

આશ્ચર્યની વાત એ કે મારાં ભૌતિક કે સાંસારિક કર્તવ્યો કરતી વખતે મારું મન ઈશ્વર સાથે જેટલું જોડાયેલું રહેતું તેટલું એકાંતમાં ઈશ્વરની ઉપાસના કરતી વખતે એકાગ્ર થઇ શકતું ન હતું!

મન અથવા શરીરની કોઇ મહાપીડા હવે પછી (ખોટું કામ થઇ ગયા પછી) જરૂર થશે જ એમ હું ધારતો; ત્યારે ખરાબમાં ખરાબ જે બનતું તે ઈશ્વર સાન્નિધ્ય ભૂલવાનું, પરંતુ આવા વખતે ઈશ્વરની ક્ષમાશીલતા ને ઉદારતા મને ધરપત આપતાં કે તે ગમે તેવા ખરાબ વખતમાં, એટલે કે હું તેને ભૂલી જાઉં ત્યારે પણ, તે મને ભૂલશે નહિ. અને જે કોઇ ખરાબ કામ મારે હાથે થયું તે તો તેની જ મંજૂરીથી થયું હતું એટલે તેનાં ખરાબ પરિણામો સહન કરવાની શક્તિ તે આપશે; અને એટલે જ સ્તો મને કોઇ પણ બાલતમાં કોઇનોય ડર રહ્યો ન હતો, કોઇ પણ કામ કરવાનું હોય તો તે અંગે કોઇનીય સલાહ લેવાનો પ્રસંગ જ આવ્યો નથી. એટલે કે મને તેની જરૂર જ લાગતી ન હતી. ક્યારેક તે માટે મેં પ્રયાસ કર્યો હોય ત્યારે ઉલ્ટું હું હંમેશા વધુ ગુંચવાડામાં પડી જતો હતો. ઈશ્વરપ્રેમ ખાતર મારી જીંદગી કુરબાન કરવા હું સદાકાળ તૈયાર હતો. એટલે કોઇ પણ ખતરાનો ડર મને રહ્યો ન હતો. ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિ એ પરમ મુક્તિપદ પામવા માટેની ખાત્રી આપતો માર્ગ છે એટલું જ નહિ ભક્તના આચરણ માટે તે હંમેશાં તેને પૂરતો પ્રકાશ આપનારો હોય છે.

આધ્યાત્મિક સાધનાની શરૂઆતમાં આપણે આપણાં કર્તવ્યો કરવામાં ખૂબ સાવધાન, નિષ્ઠાવાન ને વફાદાર રહેવું જોઈએ, પરંતુ તે પછી અવર્ણનીય આનંદની હેલી, મહાસાગરનાં મોજાંઓની જેમ, એક પાછળ એક એમ અતૂટ, અખંડ આવ્યા જ કરે છે. સંસારમાં સુખની સામે એટલું જ દુ:ખ આવે છે. પણ ઈશ્વરના સાન્નિધ્યની સાધનામાં એક આનંદની પછી કે તેની આગળ કે પાછળ આનંદ ઉપર આનંદ જ મળ્યા કરે છે. ગમે તેવી મુશ્કેલીઓમાં હું કોઈની મદદ માગતો નહિ. કેવળ મારા પ્રભુને આંખમાં આંસું સાથે પ્રાર્થના કરતો : ઓ પ્રભુ, આ દુનિયામાં તારા સિવાય મારું બીજું કોઇ નથી. તારા સિવાય મને બીજા કોઈનો ભરોસો નથી. તારા સિવાય બીજું મને મદદ કોણ કરે? આ પ્રાર્થના પછી ફરી પુરુષાર્થ કરતો ત્યારે બધું સમુંસુથરૂં પાર પડી જતું.

ઘણા ભક્તો ઈશ્વર સાન્નિધ્યની સાધનામાં આગળ વધી શકતા નથી. તેઓ કેટલાં બધાં વિધિ, વિધાનો, વ્રતવરતોલાં, શારીરિક કષ્ટો આપે તેવી સાધના–ઉપાસના કરે છે. પરંતુ મુખ્ય ઈશ્વરને પ્રેમ કરવાનું તો રહી જ જાય છે, અને તે જ સ્તો જીવનનો સાર છે, તેનો ઉદ્દેશ છે, અંત છે. આ ભૂલાય જાય છે એટલે તેમના જીવનમાં સદાચરણ જોવા જ મળતું નથી.

ઈશ્વરની પાસે જવામાં નથી જરૂર કલાની કે નથી જરૂર વિજ્ઞાનની. જરૂર છે માત્ર હૃદયમાં સુદૃઢ સંકલ્પની, નિશ્ચયની કે આ જીવનમાં એક માત્ર પ્રામ કરવા જેવું કંઇ હોય તો તે ઈશ્વરપ્રેમ છે, પૂરા હૃદયથી ઈશ્વરને ખાતર ઈશ્વરપ્રેમ કરવા સિવાય આ દુનિયામાં ભક્તને માટે બીજું કશુંય કરવાપણું નથી. તે દ્વારા જ ભક્ત ઈશ્વરસાન્નિધ્યનો નિત્ય અનુભવ કરવા પાત્ર બને છે.

(ક્રમશ:)



## * થોડીવાર *

( ગાન )

ગાઢો ખૂબ અંધાર છવાયો, નફરત હવા છે ચારેકોર,
મન ચાહે છે પ્રકાશ પ્રેમનો ફેલાયે અહીં થોડીવાર.

હાંફી રહે છે માણસ આજે, મૃગજળ જુએ ચારેકોર,
મન ચાહે છે, દિવ્ય રસો અહીં અંકિત થાયે થોડીવાર.

આ કેવી છે દોડાદોડી, અંધજનો શીય ચારેકોર,
મન ચાહે છે, કંઇક વિચારો જીવનહેતુ થોડીવાર.

પરિચિત ચહેરા છે થોડા ને અભણ ઘણાયે ચારેકોર,
મન ચાહે છે, વિહાર વિભુનું કુટુંબ સમજો થોડીવાર.

ચંચળ મનડું, ચંચળ સર્વે–જગજીવન છે ચારેકોર,
મન ચાહે છે સ્મરો વિભુને શાંતિ વાસ્તે થોડીવાર.

જીવન શુષ્ક થયું છે જુઓ, બોજ થયું છે ચારેકોર,
મન ચાહે છે, વિભુ ભજનમાં તલ્લીન થાઓ થોડીવાર.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## * દુર્જનનિંદા *

( દુહા )

આકળ પકવે પાક, વ્યંઢળનો વેલો વધે,
તરણે સમદર તરાય (પણ) દુરિજન કિરપા નો ફળે.

તક્ષક નિરવિષ થાય, મહેરામણ મીશ્ર બને;
હાલાહલ ને ખારાશ, દુર્જન પંડ પડચે જતાં!

સસલાં થાય શિંગાળવાં (ને) માંણહાં ને ઉગે પુચ્છ,
પણ અંતર આંખો નો ઉગે, દુરિજનને સચમુચ.

અમરતકણ જીભે ઝમે ને ભજવે વેશ્યાના ભાવ,
પણ અંતર ખલ સોમલ છલે, દુર્જનથી વખડાં ભલાં.

સરખા દુર્જન ને નાગ એ સંતોની વાણી જૂઠી,
કરડે છંછેડયા નાગ, ખલ કરડે કારણ વિના.

ભલી સુજનની લાત, મીઠી દુર્જન વાતથી,
એ લાતે ફરકે ફૂલ, મધ–વાતે વખ–વલીઓ.

કરકોટકનાં ઝેર, [1]જેર થતાં મંતરબળે,
પણ દુર્જન અંતરઝેર, જેર કરે મંતર, દવા!

રણ, વન કે પર્વત પરે દેજે જલમ દીનાનાથ!
પશુયોનિએ પાલવે (પણ) ભૂંડો દુર્જનનો સાથ.

— ડો. રણજિત પટેલ (અનામી)

---

૧. જેર થતાં = કાબૂમાં આવતાં. મંતરબળે = મંત્રની શક્તિથી.



## * ભગવાન શંકરને પ્રાર્થના *

( માલિની )

સકલ જન હિતાર્થે ઝેરને પી જનારા
તદપિ હૃદયમાં હે ગુપ્ત કલ્યાણકારી
નિત નિત કરુણાગંગા વહે, સ્નાન તેમાં
દુરિત મુજ સમા લોકો કરી ધન્ય થાતા! ૧

લગીર પણ મને પૂજાતણી રીત કોઈ
ખબર નવ અહો! તોયે ધરી આશ હૈયે
જનમ જનમ કેરો મેલ ધોવા વિભો હું
શુચિ તવ શરણે આવ્યો કૃપાવંત આજે! ૨

નિત અધિપદ સ્થાપ્યો ચંદ્રમાને કલંકી
દલિત પીડિતને ઉદ્ધારનારા તમે છો!
સકલ ગુરુજનોનો બોધ એવો સ્મરીને
ખલ કુટિલ ઘણો કામી છતાંયે નમું છું! ૩

સતત રઝળતા સંતમને પ્રેરણાઓ
મુજ હૃદયમહીં આપે કરી તે પ્રમાણે
વિધિ વગર સ્મશાને સ્થાપના લીંગ કેરી
કરી અબુધ છતાં મેં પ્રેમઘેલા બનીને! ૪

પ્રખર પરિશ્રમી નંદી તણે સંગ સોહે
શમદમ નિયમી આ કાચબો ધૈર્યવાન!
ગણપતિ બળ દેતા બુદ્ધિનું સામસામે
પવન સુત સુહે તે સ્વાસ્થ્ય છે પૃથ્વી કેરું! ૫

ફણિધર ઉપરે શૈયા તમારી હતી તે
મૃદુલ તવ તને શય્યા કરી આજ સોહે!

ગતિશીલ દીસતી શક્તિ અહો કંઠચકે
અજબ ગજબની લીલા શકે કોણ પામી? ૬

ચર અચરમહીં વ્યાપી વળી તે જ શક્તિ
ભ્રમિત કરી રહી સૌને શિલા થૈ અનેરી!
જન સહુ સમજે છોને નહીં લેશ તોયે
જડ નહિ સમજું, સાક્ષાત્ છો આપ પોતે! ૭

દ્રવિત હૃદયથી પ્રાર્થું કરી પ્રેમપૂજા
સકલ જગતના નાથ હે શંભુ ભોળા
નિશદિન અપરાધો સર્વ જાણ્યે અજાણ્યે
ત્વરિત મુજ કરી દેજો માફ જે જે થયેલા! ૮

— પરમાર્થી

સુવાક્ય
ભગવાનના ચરણમાં ભક્તિ થઇ એટલે વિષયવાસના એની મેળે છૂટી જાય છે. તેને પછી દુનિયાદારીનાં કામો ગમતાં નથી.
રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૩૫૯૮ ફે. : ૮૨૪૩૭
૩૪૦૧૬ ઘ. : ૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૨



## * આતમરામ *

વિશ્વરૂપે બિરાજેલો,
વિવિધદેહ ધારણ કરનારો,
અને સર્વ જાણનારો,
એક સત્ય—સ્વરૂપ આતમરામ જ છે.
દેહમાં હોવા છતાં, દેહને અળગો કરીને,
વિવેકથી એને ગ્રહણ કરવો જોઇએ.
પછી હું—તું એ ભેદ
સહજ જ નકામો બને છે.
વાસ્તવમાં સર્વના હૃદય—કમળમાં
તે એક જ ચિત્—સૂર્ય અલિપ્તપણે પ્રકાશમાન છે.
ધ્યાનાદિ અનેક સાધનાના પ્રયોગ
આપણે કરીએ છીએ.
પણ આપણે તે બધા પ્રયોગોના આધારભૂત
તે બધાને પ્રકાશ દેનારા,
તે બધા પ્રયોગોથી વેગળા જ છે.
માણસની આંખોમાં
હજારો ભાવ પ્રગટ થતા હોય છે.
તે બધા એક જ આત્મામાંથી નીકળેલા છે.
તેથી આંખોમાંનું રૂપ, અથવા 'અક્ષિ—પુરુષ'
એ એક ચૈતન્યનું ચિહ્ન જ શાસ્ત્રકારોએ કહ્યું છે.

— વિનોબા

## મા શ્રી સર્વેશ્વરી

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ પૂ. મા શ્રી સર્વેશ્વરીને અંજલિ આપતાં કહ્યું છેઃ–

"તમારાં ચરણોમાં તીર્થો છે,
સમસ્ત સંસારનાં તીર્થો છે,
તમારા શરીરમાં સરિતાઓ, સ્રોતો
અંગ પ્રત્યંગમાં, પરમાણુમાં, પ્રાણના સ્પંદનોમાં.
પરમધામ પ્રકટયાં છે.
તમે તીર્થસ્વરૂપ છો.
તીર્થો તમારા પરમતીર્થરાજમાંથી પ્રકટયાં છે.

યોગેશ્વર

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય**

**વિજયભાઈ જયેન્દ્રભાઈ પુરોહિત (પંડિતજી)**

જ્યોતિષાચાર્ય, (સુવર્ણચંદ્રક વિજેતા)
(M. S. U.)
ભગવતી કૃપા, હનુમાન મંદિર પાસે, ચોખંડી, વડોદરા–૧.
મળવાનો સમય : સાંજે ૫–૦૦ થી ૮–૦૦

"હું એકલો નથી, મારી સાથે પ્રભુની શક્તિ પણ છે." યોગેશ્વર

વિષાદ, નિરાશા અને ચિન્તા દૂર કરી, પ્રભુ પર શ્રદ્ધા રાખી, જીવનને સફળ કરવા પ્રયત્ન કરવામાં આવે તો જીવન યશસ્વી શું કામ નહિ બને? બનશે જ. મા સર્વેશ્વરી



*મુખ્ય મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતા ગુજરાતના સૌ નાગરિકોને પાઠવે છે દીપાવલીની શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન.*

ભારતીય સંસ્કૃતિની પરંપરામાં પર્વની ઉજવણી આપણને કર્તવ્યરત બનવાની પ્રેરણા પૂરી પાડે છે. જીવનમાં આવતા પડકારો ઝીલવાનું અને વિઘ્નો પાર પાડવાનું આવું સામર્થ્ય આપણે કેળવીએ.

**નૂતન વર્ષની શુભકામનાઓ...**

આવો, આપણે સૌ સહિયારા પુરૂષાર્થ દ્વારા સમૃધ્ધ, સંલામત, સમરસ અને વિકસિત ગુજરાતનું સ્વપ્ન સાકાર કરીએ.

લોકશાહીના સ્પંદનોને ઝીલતા જાગૃત નાગરિક - જીવન માટે આપણા કર્તવ્યધર્મના અનુસરણ માટે નવું વર્ષ સિધ્ધિદાયક બની રહે એવી અભ્યર્થના.

– સુરેશચંદ્ર મહેતા
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



# શ્રીમોહનભાઇ પટેલ-એક નવા સાધક

ડો. ભીમજીભાઇ જાગાણી

વૈદો નારાયણો હરિઃ।

આજના વિજ્ઞાનયુગમાં પણ કદીક કદીક એવી ઘટનાઓ બનતી જોવામાં આવે છે, જેમનું કારણ બુદ્ધિથી શોધી શકાતું નથી. ત્યારે આપણે માનવું પડે કે એવી કોઇક દિવ્ય શક્તિ જરૂર કામ કરી રહી છે, જે તમારા બધા તર્કસંગત ખુલાસાઓથી પર છે. તેને બુદ્ધિના માપથી માપી શકાતી નથી. આવું જ કંઇક રાજકોટના શ્રી મોહનભાઇ પટેલના જીવનમાં બનતું જોવામાં આવ્યું છે.

૧૯૯૨ ના જાન્યુઆરિમાં શ્રી મોહનભાઇને સખ્ત બિમારી આવી. ડાયાબીટીસ વધી ગયું અને ટી. બી.ની બિમારી પણ સાથે સાથે થઇ આવી. હવે ટી. બી. માટે દવા કરે તો ડાયાબીટીસ વધે, અને ડાયાબીટીસની દવા કરે તો શરીર નબળું પડતાં ટી. બી.ની અસર વધે. છેવટે અનાજ લેવાતું બંધ થઇ ગયું, એવી અવસ્થા ૧૫ દિવસ રહી એટલે રાજકોટની દોશી હોસ્પીટલમાં દાખલ કર્યાં. અઠવાડિયાની સારવાર લીધા પછી થોડું અનાજ લેવાનું ચાલું થયું, એટલે ઘરે લઇ આવ્યા. પરંતુ ડાયાબીટીસ ઘટે નહિ. દાક્તરો ફુલ ડોઝ આપે, પરંતુ તેની કોઇ અસરથી રોગ સહેજ પણ કાબૂમાં આવે જ નહિ. આથી દાક્તરોએ આશા મૂકી દીધી. કહી દીધું, "તમારો ડાયાબીટીસ મટે એમ નથી."

શ્રી મોહનભાઇ મૂળે શ્રદ્ધાળુ માણસ. સ્ટેનલેસ સ્ટીલનાં



વાસણો બનાવી વેચવાનો તેમનો ધંધો. એટલે ખાસ્સો મહેનત માગી લે તેવો ધંધો. ખૂબ પુરુષાર્થ કરી થોડી આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કર્યા પછી ૧૯૮૯ માં ૫૭ વર્ષની વયે ધંધામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ લીધી; અને પ્રભુપરાયણ જીવન જીવવાનો પ્રારંભ કર્યો. ધંધાનું બધું કામકાજ આવી મળેલ પુત્રને સોંપી દીધું.

શ્રી મોહનભાઇ ખાસ ભણેલા નહિ. પરંતુ સારું લખી વાંચી શકે. સંસ્કૃત કે અંગ્રેજીનો ખાસ કોઇ અભ્યાસ નહિ, છતાં મહાવરાથી થોડું વાંચી શકે—સમજી શકે.

નિવૃત્તિ લીધા પછી શું કરવું તે સમસ્યા શ્રી મોહનભાઇના જીવનમાં ઊભી થઇ. પૂરતું સુયોગ્ય વાતાવરણ ઘરમાં ન મળે. નાના નાના વિક્ષેપો ખલેલ પહોંચાડયા કરે. એટલે રાજકોટના શ્રી રામકૃષ્ણ આશ્રમમાં રોજ બે બે કલાક ધ્યાનમાં બેસવા જવા માંડયું. વૃત્તિ તો હતીજ, પરંતુ હવે યોગ્ય વાતાવરણ મળતાં ચિત્તની એકાગ્રતા સારી રીતે સધાવા માંડી. ધ્યાનમાં રસ પડવા લાગ્યો, આનંદ આવવા માંડયો. બે વર્ષના સતત અભ્યાસથી શ્રી મોહનભાઇએ ધ્યાનમાં સારી અવસ્થા પ્રાપ્ત કરી લીધી, પરંતુ ઘણીવાર માણસ ઇચ્છે કાંઇ અને પ્રભુ કરે છે કંઇક બીજુંજ.

ધ્યાનની સારી રીતે ચાલતી ગાડી ડાયાબીટીસ અને ટી. બી. ના રોગોને લીધે અચાનક અટકી પડી. એમ થવાનું કારણ પણ કોઇક પ્રારબ્ધ કર્મ જ હશે, એમ તેઓ માનતા અને પ્રભુ તેમાં આપણી રક્ષા કરશે એવી તેમની શ્રદ્ધા હતી એટલે હોસ્પીટલમાંથી ઘરે આવ્યા પછી—થોડું થોડું અનાજ લેવાતાં શક્તિ આવવા માંડી. એટલે ફરી પાછા શ્રી રામકૃષ્ણ આશ્રમમાં જવા માંડયું. ધ્યાનની પરિપાટી ફરી ચાલુ થઇ. જો કે ડાયાબીટીસના ઇંજેક્શનો રોજ

લેવાં પડતાં છતાં તેમના ધ્યાનના નિત્યનિયમમાં તે બાધારૂપ ન બનતાં.

બે એક માસ ગયા પછી તેઓ શ્રી રામકૃષ્ણ આશ્રમમાંથી ધ્યાનની રોજીંદી બેઠક પતાવી બહાર નીકળતા હતા, ત્યાં એક અપરિચિત ભાઈએ પાસે આવીને પૂછયું, "તમને ડાયાબીટીસ છે?" તેઓએ કહ્યું, "હા છે. ઘણો વધારે છે. ઈંજેક્શનનો ફુલ ડોઝ લઉં છું, છતાં તે કંટ્રોલ નથી થતો. કાબૂમાં આવતો નથી."

તો તે ભાઈએ કહ્યું, 'અમે કહીએ એમ કરશો?'

"શું કરવાનું છે? કંઈક દવા હોય તો બતાવો."

તો તે પુરુષે કહ્યું, "આ બધાં ઈંજેક્શનો બંધ કરી દો અને આ સામે લીમડો છે, તેનાં થોડાં થોડાં પાન ચાવીને ખાઓ."

બસ, આટલી વાત કરી તે ભાઈ તો ચાલ્યા ગયા. ફરી પાછા મળ્યા નથી. તે કોણ હશે તે સંબંધે તેઓએ કંઈ તર્ક કર્યા સિવાય ઈંજેક્શન બંધ કરી, આશ્રમના કમ્પાઉન્ડમાં આવેલ લીમડાનાં પાન ખાવા માંડયાં. પરિણામે ધીમે ધીમે ડાયાબીટીસ કાબૂમાં આવી ગયો એટલું જ નહિ પરંતુ થોડા દિવસો પછી દાક્તરોને બતાવ્યું તો તેઓ આશ્ચર્ય પામ્યા. કહેવા લાગ્યા કે તમને તો ઘણું સારું છે. તમારો ડાયાબીટીસ મટી ગયો છે! આજે મોહનભાઈ સંપૂર્ણ સ્વસ્થ ને રોગરહિત છે. ખૂબ પ્રેમપૂર્વક પ્રભુ–સ્મરણમાં પોતાનો મોટાભાગનો સમય ગાળે છે.

સંતપુરુષમાં શ્રદ્ધા, નિયમિત ધ્યાન અનેં લીમડા પાનના ઉપચારોથી શ્રી મોહનભાઈને નવું જીવન મળ્યું છે. આ અંગે તેમની સાથે વાતચીત કરતાં તેઓએ ઉમેરતાં કહ્યું કે, "આટલા જ રોગો ન હતા. અમારૂં શરીર તો રોગોનું ઘર હતું. તેમાં પથરી



હતી. ઘૂંટણોનો વા હતો. તો વળી એક બાજુનો હાથ સાવ ઝીલાઈ ગયેલો. કશું કામ જ ના થઈ શકે. લાકડીના ટેકે થોડું ચાલુ ત્યાં થાકી જવાય. દાક્તરો અને દવાઓથી કંટાળી ગયેલો. પરંતુ પ્રભુના નિયમિત સ્મરણ ને ધ્યાનનો ચમત્કાર ગણો કે પછી પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપા. જે ગણો તે. આજે હું સંપૂર્ણ સ્વસ્થ છું. નિયમિત દસ–બાર કલાક ધ્યાન, જપ, સ્તોત્રપાઠ વગેરે કરું છું.

"આજે હું એક જ આસને છ કલાક ધ્યાનમાં બેસી શકું છું. એકી સાથે આઠ દસ કિલોમીટર ચાલી શકું છું. હમણાં જ અંબાજીમાં ગબ્બરનાં પગથિયાં ચઢીને, કશી તકલીફ વગર ઉપર દર્શન કરી આવ્યો. આ બધી ભગવાનની કૃપા જ કહેવાય."

શ્રી મોહનભાઈની વાત સાંભળીને અમને પેલી ઉક્તિ યાદ આવી ગઈ. "ઔષધં જાહ્નવી તોયં વૈદો નારાયણો હરિઃ। શ્રદ્ધા હોય તેને મન ગંગાજળ પણ ઔષધરૂપ બની જાય છે, જ્યારે પ્રભુ તેના વૈદરાજ."

શ્રી મોહનભાઈની વાત આટલે જ સમાપ્ત નથી થતી. તેઓનો જે આત્મિક ક્ષેત્રે વિકાસ પૂ. મા શ્રી સર્વેશ્વરીના ટૂંકા પરિચયમાં આવ્યા પછી થયો છે, તે આશ્ચર્ય પમાડે તેવો છે. તેની વાત હવે પછીના લેખમાં કરીશું.

(અપૂર્ણ)

○

### પૂ. રાજર્ષિ મુનિજીનો

# અદ્‌ભુત અનુભવ

પ્રવક્તા : પ. પૂ. રાજર્ષિ મુનિજી

વડોદરાથી લગભગ ૪૦ કિલોમીટરના અંતરે કાયાવરોહણ નામનું નવું તીર્થ આવેલું છે. તેના સંસ્થાપક છે સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી. તેઓશ્રી હાલ ભૌતિક રીતે હયાત નથી. તેઓશ્રીના ઉત્તરાધિકારી છે શ્રી રાજર્ષિ મુનિ. જેઓ એક ઉચ્ચકોટિના યોગી છે. તેઓ મોટે ભાગે પોતાની સાધનામાં ડૂબેલા રહે છે ને કેટલાંક ધાર્મિક પર્વ ઉપર પોતાના અનુયાયીઓ—ચાહકો કે પ્રશંસકોને સંબોધે છે. અથવા લેખિત પ્રવચન વાંચી સંભળાવે છે. તેઓએ ગઇ ગુરુપૂર્ણિમા નિમિત્તે જે પ્રવચન ભક્તો સમક્ષ વાંચ્યું તે એટલા પૂરતું અમારી દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું છે કે તેમાં તેઓને પૂ. દાદાજીનાં (ભગવાન લીકુલીશજીનાં) જે દિવ્ય દર્શન થયાં, તેઓ સાથે જે વાતચીત થઇ અને પ. પૂ. દાદાજીએ તેમને જે માર્ગદર્શન આપ્યું તે સહુ આધ્યાત્મિક પ્રવાસીઓ માટે ઉપયોગી ઠરે તેવું છે એટલે તે અત્રે મૂક્યું છે. માનું છું. સહુને તે ગમશે. —તંત્રી

### મને દાદાજીનાં દર્શન શી રીતે થયાં?

સંવત ૨૦૪૯ માં સૂર્ય ઉત્તરાયણનો થઇ ચૂક્યો હતો. શિશિર ઋતુનો અંત નજીક હતો. વસંતઋતુના આગમનની તૈયારીઓ થઇ રહી હતી. નિત્યક્રમ પ્રમાણે માઘીપૂર્ણિમાની રાત્રે ધ્યાન પતાવી હું ઊંઘી ગયો હતો. મારી ઊંઘ હજી અર્ધા પ્રહર જેટલી જ થઇ હશે ત્યાં સ્વપ્નીલ અવસ્થામાં કોઇ મને બોલાવતું હોય તેવો અવાજ મેં



સાંભળ્યો : 'રાજર્ષિ !...રાજર્ષિ !' હું અર્ધભાનમાં બોલી ઊઠયો : 'કોણ છે?' સાથે સાથે મેં અર્ધ ખુલેલાં નેત્રો દ્વારા બારીમાંથી પ્રસરતું ચાંદનીનું તેજ નિહાળ્યું. ત્યાં ફરીથી એકાંતિક સાધનામાં રહેજે.' ખરેખર કોઇ બોલ્યું કે માત્ર ભ્રાન્તિ થઇ એ મને સમજાયું નહીં, કારણ કે મારા શયનખંડમાં કોઇ વ્યક્તિ જણાઇ નહીં. બીજી જ ક્ષણે હું પલંગમાંથી ઊભો થઇ ખંડની બહાર તપાસ કરવા જતો હતો ત્યાં ફરીથી એ જ શબ્દો સંભળાયા. આશ્ચર્યમુગ્ધ ભાવે ખંડની બહાર પરસાળમાં આવ્યો, પરંતુ ત્યાંય કોઇ વ્યક્તિને ન જોઇ. મારાં કુતૂહલ અને આશ્ચર્ય વધ્યાં. હું પરસાળમાંથી ખુલ્લી અગાશીમાં આવ્યો. ત્યાં પણ કોઇ ન હતું. નિરભ્ર આકાશમાં માથા પર આવેલા પૂર્ણિમાના ચંદ્રના તેજસ્વી પ્રકાશમાં આસપાસ બધું સ્પષ્ટ જણાતું હતું. જોવાનું મુશ્કેલ ન હતું.

હવે મારા વિસ્મયની સીમા ન રહી. મેં બેય હાથે આંખો ચોળીને ખાતરી કરી લીધી કે હું સંપૂર્ણ જાગ્રત છું. મારી ઊંઘ ઊડી ગઇ. અચંબામાં ગરકાવ થઇને હું આકાશ તરફ મીટ માંડીને ઊભો. ત્યાં આકાશવાણી સમો ગેબી અવાજ ફરી સંભળાયો : 'વત્સ ! મારી સૂચનાને સ્વપ્ન કે ભ્રાંતિ સમજી ગાફેલ ન રહીશ. હું અવશ્ય મળીશ.' અવાજ ધીર—ગંભીર હોવા છતાં એમાં અદ્‌ભુત મધુરતા હતી. હું વિસ્ફારિત નેત્રે આમતેમ જોવા લાગ્યો. ક્યાંથી અવાજ આવ્યો એની સમજ ન પડતાં હું અણકલ્પી મૂંઝવણમાં પડી ગયો. હું આ કોયડાનો ઉકેલ શોધતો અગાશીમાં આંટા મારવા લાગ્યો. ખૂબ વિચાર્યું પણ કંઇ સમજાયું નહીં. આમાં બુદ્ધિ કામ લાગે તેમ ન હતું. પરંતુ મારી આંતરપ્રજ્ઞા મદદે આવી. દાદાજીએ બાપુજીને આવી દૈવી અનુભૂતિઓ અનેકવાર કરાવી હતી. મને થયું કે દાદાજીએ કૃપા કરીને મને પણ એવી દૈવી

અનુભૂતિ કરાવવાનું વિચાર્યું હોય! જો એમ જ હોય તો હું ખરેખર સદ્ભાગી ગણાઉં. દાદાજીની કૃપાના પાત્ર બનવું એનાથી મોટો લહાવો જીવનમાં બીજો કયો હોઇ શકે! હું આવા વિચારે આનંદ અનુભવતો મારા શયનખંડમાં પાછો ફર્યો. ગેબી અવાજના અનુભવને વાગોળતો થોડીવાર પછી નિદ્રાધીન થયો.

ચાર દિવસ પછી તા. ૧૧ મી ફેબ્રુઆરીએ મારો જન્મદિન આવનાર હતો. મેં વિચાર્યું કે તે દિવસે કોઇને મળવું નહીં અને આખો દિવસ ધ્યાનમાં જ ગાળવો. પ્રતિવર્ષ હું મહાશિવરાત્રિ પૂર્વે એક અઠવાડિયું ઉપવાસ કરું છું. આ વર્ષે એ ઉપવાસ તા. ૧૩ મી ફેબ્રુઆરીથી શરૂ થવાના હતા. પણ હવે તે ૧૧ મી ફેબ્રુઆરીથી શરૂ કરી નવ દિવસ ઉપવાસ કરવાનું નક્કી કર્યું. મારા નિર્ણય અંગે લાગતા વળગતા સેવકોને સૂચના પણ આપી દીધી.

તા. ૧૧ મી ફેબ્રુઆરી આવી પહોંચી. મેં બ્રાહ્મમુહૂર્તથી જ ધ્યાન આરંભી દીધું. માત્ર કુદરતી હાજતોને સંતોષવા સિવાય બધો જ સમય ધ્યાનમાં જ વિતાવ્યો. આખો દિવસ વિત્યો અને મધરાત સુધી ધ્યાન ચાલુ રાખ્યું પરંતુ કંઇ અસાધારણ બન્યું નહીં. મને થયું કે કદાચ મેં જે અવાજ સાંભળ્યો તે ભ્રમણા હોઇ શકે. જોકે મારું મન એ વાત માનતું ન હતું. સતત સાધના કરવાથી હું શ્રમિત થયો હતો એટલે પ્રયત્ન ચાલુ ન રાખતાં ઊંઘી ગયો.

બીજે દિવસે સવારે જાગ્યો ત્યારે નિરાશા અનુભવતો હતો. ત્યાં મને યાદ આવ્યું કે ભારતીય તિથિપત્રક અનુસાર મહા વદ ૯ ના રોજ મારો જન્મદિન હજી આવનાર છે. એ તિથિએ તા. ૧૫ મી ફેબ્રુઆરી અને સોમવાર હશે. આ વિચારથી મને આશ્વાસન પ્રાપ્ત થયું કે મેં સાંભળેલી ગેબી વાણી સત્ય ઠરવાની હજી શક્યતા



છે. મારા દિલમાં ફરી ઉત્સાહ પ્રગટયો. મેં તા. ૧૫ મી ફેબ્રુઆરીએ પણ આખો દિવસ ધ્યાનમાં ગાળવાનો નિશ્ચય કરી લીધો.

વચ્ચેના ત્રણ દિવસ ખૂબ લાંબા લાગ્યા, કેમેય ખૂટતા ન હતા. છેવટે ૧૫ ફેબ્રુઆરીનો દિવસ આવી પહોંચ્યો. પૂર્વવત્ મેં બ્રાહ્મમુહૂર્તથી ધ્યાનનો પ્રારંભ કરી દીધો. જેમ જેમ દિવસ વીતતો ગયો તેમ તેમ મારી અધિરાઇ વધતી ગઇ. રાત પડી એટલે હું આશા-નિરાશા વચ્ચે ઝોલાં ખાતો મનમાં અકળાવા લાગ્યો. છતાં મેં ધ્યાન ચાલુ જ રાખ્યું. શ્રમિત થયો હોવા છતાં રાત્રિ જેમ વીતતી ગઇ તેમ ધ્યાન વધુ ગાઢ અને આનંદદાયક બનતું ગયું. એકાગ્રતા વધતાં આંતરચક્ષુ સમક્ષ એક પ્રકાશબિંદુ દેખાયું. તેમાંથી ધીમે ધીમે પ્રકાશ ફેલાવા લાગ્યો અને તેજનું મોટું વર્તુળ રચાવા લાગ્યું. આવી અનુભૂતિ તો મને અગાઉ પણ ધ્યાનમાં અનેકવાર થઇ ચૂકી હોવાથી તેની નવાઇ ન લાગી. પરંતુ તે પછી નવતર અનુભવ થયો. એ પ્રકાશના વર્તુળમાંથી એક આસનસ્થ માનવ આકૃતિ ઉપસવા લાગી. થોડી જ ક્ષણોમાં એક દેદીપ્યમાન દૈવી વ્યક્તિ સ્પષ્ટ સ્વરૂપે પ્રગટ થઇ. એની કાન્તિ એવી હતી કે સુવર્ણનો ચળકાટ પણ એની સરખામણીએ ઝાંખો લાગે. હું આ દૃશ્ય ધ્યાનાવસ્થામાં મીંચેલી આંખોએ જોઇ રહ્યો. મને થયું કે સ્વપ્ન તો નથી ને? એટલે મેં આંખો ખોલીને પટપટાવી તો ચર્મ-ચક્ષુ દ્વારા બાહ્યદૃષ્ટિથી પણ હું એ જ તેજસ્વી સ્વરૂપને પદ્માસન વાળેલી સ્થિતિમાં હવામાં ચારેક ફૂટ અદ્ધર સ્થિર થયેલું જોઇ શક્યો. મને ખાતરી થઇ કે આ સ્વપ્ન નહીં પણ વાસ્તવિકતા છે. હું લવલેશ શંકા કર્યા વિના તરત સમજી ગયો કે એ દાદા ગુરુદેવ ભગવાન લકુલીશજીનું દિવ્યસ્વરૂપ છે. હું સ્ફૂર્તિથી આસન પરથી

ઊભો થઇ ગયો. મારું રોમ રોમ આ ચમત્કાર નીરખીને ઝણઝણી ઊઠયું. આજે મારા સાચા હૃદયની ઝંખના ફ્ળીભૂત થઇ હતી.

પરંતુ ચમત્કાર હજી અધૂરો હતો. દાદાજીના સ્વરૂપમાંથી ધીમે ધીમે દૈવી તેજના ફુવારા ઊડવા લાગ્યા. તેમાંથી પ્રસરતાં પાવનકારી પ્રકાશનાં મોજાં આસપાસના વાતાવરણમાં ફેલાવા લાગ્યાં. રાત્રિના અંધકારમાં પણ મારો સાધનાખંડ ઝળાંઝળાં થઇ ઊઠયો. એ પ્રકાશથી અંજાઇને મેં મારો હાથ આંખો આડો ધરી દીધો. એ દિવ્ય પ્રકાશના પાવિત્ર્યના સ્પર્શથી મારી વૃત્તિઓનું ઊર્ધ્વિકરણ થતું મેં અનુભવ્યું. મારું અંતઃકરણ અનિર્વચનીય આનંદથી છલકાવા લાગ્યું. થોડી ક્ષણો હું સ્થળ અને કાળના બંધનમાંથી મુક્ત બની ગયો હોઉં એમ લાગ્યું.

હું દાદાજીનાં ચરણકમળોનો સ્પર્શ કરવા જતો હતો ત્યાં જ તેમનો નિર્મળ સ્વર રણક્યો. "વત્સ! મને સ્પર્શ કરીશ નહીં. આ મારું અપાર્થિવ શક્તિતત્ત્વમય દિવ્યશરીર છે. એ વાસ્તવિક હોવા છતાં અલૌકિક છે. તું એનો સ્પર્શ સહન નહીં કરી શકે. માટે દૂરથી જ દર્શન કરી લે!"

એમની આજ્ઞા મુજબ મેં દૂરથી જ પ્રણામ કરી ભક્તિભાવપૂર્વક માનસિક પૂજન કર્યું. પછી આંખો મીંચી મનોમન ૐ नमः शिवाय गुरवे....। એ પ્રાર્થના કરતો હું બે હાથ જોડી નત મસ્તકે દૂર જ ઊભો રહ્યો. દાદાજીએ આશીર્વચન ઉચ્ચાર્યું. : "कल्याणमस्तु।"

મારી મુગ્ધતા હજી શમી ન હતી એટલે તત્કાલ જે શબ્દો જીભે ચડયા તે મેં બોલી નાંખ્યા : "ભગવન્! અસીમ કૃપા કરીને આજે આપે આ સેવકને દર્શન આપ્યાં તેથી મારું જીવન ધન્ય



બન્યું છે, હું કૃતકૃત્ય થયો છું." હજી મારી આંખો પ્રકાશથી અંજાયેલી હતી તેથી હું દાદાજીના સ્વરૂપને બરાબર નિહાળી શક્યો ન હતો. મારી આ મુશ્કેલી કદાચ દાદાજીએ સમજી લીધી હશે એટલે તેનું નિવારણ કરતા હોય તેમ તેઓ પ્રેમપૂર્વક બોલ્યા : "વત્સ! દિવ્યશરીર માનવીને અંજાવી દે છે કિન્તુ નિર્માણ શરીર દૃષ્ટવ્ય હોય છે. તારી ઇચ્છાને સંતોષવા હું દિવ્યશરીરનું નિર્માણશરીરમાં રૂપાંતર કરું છું." બીજી ક્ષણે ત્યાં ફેલાયેલો બધો પ્રકાશ સંકેલાઇ ગયો. પરંતુ થોડીક ક્ષણો બાદ આછા પ્રકાશમાં પાર્થિવદેહ જેવું દાદાજીનું સુડોળ અને સુરમ્ય સ્વરૂપ દૃષ્ટિગોચર થયું. હવે ચહેરો અને આકૃતિ વધુ સ્પષ્ટ જણાતાં હતાં. આ નિર્માણદેહમાં પણ અપ્રતિમ સૌંદર્ય ઉભરાતું હતું અને દાદાજીનું પ્રભુત્વ સ્વયંસિદ્ધ જણાતું હતું. એમાં ઈશ્વરીય લાવણ્ય ભારોભાર છલકાતું હતું. તેજથી આંજી નાંખે એવા દિવ્યશરીર કરતાં ચર્મચક્ષુને આ નિર્માણશરીર જોવું વધુ ગમે. માનવ દૃષ્ટિને એ આછા પ્રકાશવાળું શરીર વધુ સ્પષ્ટ, સુરેખ અને જીવંત લાગે.

હવે હું દાદાજીના આ અદ્‌ભુત સ્વરૂપને મુગ્ધભાવે નિહાળી રહ્યો. એમનો બાંધો સુદૃઢ અને શરીર સપ્રમાણ હતું. પીંગળવર્ણ અને લહેરિયાંવાળા કાળા મુલાયમ કેશ હતા. દાઢી–મૂછ રહિત મુખારવિંદ જોતાં એમની ઉંમર અઢાર ઓગણીસ વર્ષની જણાય. કપાળમાં ભભૂતિનું ત્રિપુંડ હતું. કટિ પર ભગવા રંગનું ટૂંકું વસ્ત્ર વીંટાળેલું હતું. તેમનાં અર્ધ બિડાયેલાં નેત્રોમાંથી નીકળતી વેધક દૃષ્ટિ જાણે કે સમગ્ર બ્રહ્માંડને આરપાર નીરખતી હોય તેમ અપ્રતિહત પ્રસરી રહી હતી. તેમના લાવણ્યમય ચહેરા પર મંદ સ્મિત ફરકતું હતું. આવું પ્રસન્નકર સ્વરૂપ એકવાર જોયા પછી ક્યારેય ન ભુલાય. તેમની દૈવી પ્રતિમા પૂર્ણ કલાએ વિકસેલી હતી.

દાદાજીનું આ નિર્માણશરીર પણ પૂર્વવત્ પદ્માસનસ્થ અને હવામાં અદ્ધર જ સ્થિર થયેલું હતું. બંને હાથની હથેળીઓ જે તે ઘૂંટણ પર મૂકેલી હતી. દાદાજીના કથન પરથી હું એમ સમજ્યો કે દિવ્યશરીર અસ્પર્શ્ય અને નિર્માણશરીર સ્પર્શ્ય હોય છે એટલે મેં પૂછ્યું : "ભગવન્! હવે હું ચરણસ્પર્શ કરી શકું ?" તેમણે વાણી-દ્વારા ઉત્તર ન આપતાં કેવળ હકારમાં મસ્તક હલાવીને અનુમતિ આપી. મેં તેમના પદ્માસન વાળેલા ચરણોનાં તળિયાં પકડીને મસ્તક તેના પર મૂકવા કોશિશ કરી પરંતુ કંઇ પકડાયું નહીં, માત્ર હવામાં બાચકા ભરવા જેવું થયું. મને આશ્ચર્ય થયું કે આવું પ્રત્યક્ષ અને જીવંત જણાતું શરીર અસ્પર્શ્ય હોઇ શકે? પરંતુ તરત સમાધાન પણ કરી લીધું કે અત્યારે દાદાજીની હાજરીમાં જે કંઇ બને તે માનવીની સીમિત બુદ્ધિની ક્ષિતિજોથી બહારની વાત હોઇ શકે. મેં ચરણસ્પર્શનો અસફળ પ્રયાસ કરીને મસ્તક ઊંચું કર્યું ત્યારે દાદાજી મારી મૂંઝવણ સમજી ગયા હોય તેમ સ્મિત કરીને બોલ્યા : "રાજર્ષિ! આ નિર્માણ શરીરમાં ફક્ત પરતત્ત્વ જ છે. તેમાં પંચમહાભૂતમાંનું એકેય તત્ત્વ નથી. એટલે તારી ઇચ્છા મુજબ તું એનો સ્પર્શ અનુભવી નહીં શકે. તેમ છતાં મારી ઇચ્છા હોય તો આ પરમતત્ત્વવાળું શરીર પણ તને સ્પર્શની અનુભૂતિ કરાવી શકે."

મેં ઝટ વિનંતિ કરી : "પ્રભુ! તો આ બાળકને એટલો લાભ આપવા કૃપા કરોને!" દાદાજી બોલ્યા : "ભલે." બીજી તક મળતાં મેં ફરી દાદાજીના ચરણોમાં મસ્તક નમાવી ચરણો પકડવા પ્રયાસ કર્યો. આ વખતે પણ મારા હાથમાં તો કંઇ ન પકડાયું કિન્તુ મારા મસ્તક પર દાદાજીનો હાથ ફરતો મેં અનુભવ્યો. અસ્પર્શ્ય વસ્તુ



એમની ઇચ્છાથી સ્પર્શ્ય બની. એ દિવ્ય સ્પર્શ અનુભવ્યા વિશે મારા મનમાં જરાય શંકા ન રહી. આજે મારી વર્ષો જુની ઝંખના ફળી. હું પણ દાદાજીનો કૃપાપાત્ર છું એની સાચી પ્રતીતિ થઇ. હું ધન્ય બનીને દાદાજીને વંદી રહ્યો.

મેં જ્યારે મસ્તક ઊંચું કર્યું ત્યારે દાદાજી વરદ મુદ્રામાં જમણો હાથ ઊઠાવીને આશીર્વાદ આપી રહ્યા હતા. હું અત્યંત ગદ્‌ગદિત બની ગયો હોવાથી તરત કંઇ બોલી ન શક્યો, ફક્ત ભાવવિભોર થઇ દાદાજીની સામે જોઇ રહ્યો. તેમના વદન પર મધુર પ્રસન્નતા છવાઇ રહી હતી. તેમનાં અર્ધ ખુલ્લાં તેજસ્વી નેત્રોમાં વાત્સલ્ય ઊભરાતું હતું. તેમના દિવ્ય દૃષ્ટિ પ્રવાહમાંથી મારા પર અનરાધાર કૃપા વરસતી હું અનુભવી રહ્યો. આ દિવ્ય દર્શન મારા જીવનની ચરમસિદ્ધિ હોય તેવા ભાવથી હું નીરખી રહ્યો. મૂક રહી હું મનોમન દાદાજી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા લાગ્યો.

મારી મૌનવસ્થાને સમજી ગયા હોય તેમ દાદાજીએ જ પુનઃ વાર્તાલાપ આરંભ્યો. "રાજર્ષિ! તારે મારા દર્શનાર્થે ઘણી રાહ જોવી પડી, ખરું? પણ મેં જાણી જોઇને જ આ સમય પસંદ કર્યો છે. આ તારા પ્રાપ્ત પાર્થિવ દેહનો જન્મસમય છે. હું તારી જન્મતિથિ અને તારો જન્મ સમય બનેને લક્ષમાં રાખીને પ્રગટ થયો છું." દાદાજીનું કથન સાંભળી મેં ઘડિયાળ તરફ દૃષ્ટિ કરી. રાત્રિના ૧૧:૨૦ નો સમય થયો હતો. મને તરત યાદ આવ્યું કે મારો જન્મ રાત્રે ૧૧ કલાક અને ૨૦ મિનિટે થયો હતો. આમ રાત્રિના બરાબર એ જ સમયે શિવાવતાર ભગવાન લકુલીશજીનાં દિવ્યદર્શન પામવા હું સદ્‌ભાગી બન્યો છું એ જાણી હું ધન્યતા અનુભવી રહ્યો.

* * *

આપે મને સૂક્ષ્મ વિઘ્નો પ્રત્યે સજાગ કર્યો તે સારું થયું. હું તો લય સમાધિદ્વારા દિવ્યયોગમાં પ્રવેશ થશે એટલે તરત એકાંતવાસ સ્વીકારી સંસારથી અલિપ્ત બની જઇશ. પછી સિદ્ધિના ઉપભોગનો પ્રશ્ન જ નહીં રહે.

મારું કથન સાંભળી દાદાજી નિર્દોષ બાળકની જેમ ખડખડાટ હસી પડયા. એમનું હાસ્ય પણ કર્ણપ્રિય હતું. જાણે કે ખળખળ વહેતું ઝરણું સુમધુર અવાજ કરતું હતું. મને આશ્ચર્ય થયું કે દાદાજી હસ્યા શા માટે? મેં એવી કોઇ હસવા જેવી વાત તો કરી ન હતી. એટલે હું સંદિગ્ધ ભાવે તેમના તરફ જોઇ રહ્યો. દાદાજીનું હાસ્ય શમ્યું અને તેમના નેત્રોમાં વાત્સલ્યની ઝલક દેખાઇ. તેઓ બોલ્યા : "વાહ બેટા! મને એમ હતું કે તું બુદ્ધિશાળી છે, પરંતુ અત્યારે તો તેં બાલિશ બુદ્ધિનું પ્રદર્શન કર્યું. માત્ર ઓરડીમાં પુરાઇ રહેવાથી સંસાર પ્રત્યે અનાસક્ત બની જવાતું નથી. સંસાર તો મનમાં રહે છે. મનને શરીરની માફક ચાર દિવાલોમાં પૂરી શકાતું નથી. એકાંતમાં બેસીને પણ માનવી સંસાર પ્રત્યે ભરપૂર આસક્તિ સેવી શકે છે."

"આ તેં બીજી બાલિશ વાત કરી. સામાન્ય સાધક માટે એકાંતસેવન થોડું-ઘણું ઉપયોગી છે પરંતુ જેને દિવ્ય ઉપસર્ગરૂપી સિદ્ધિઓ પ્રાપ્ત થઇ હોય એવા યોગી માટે જાહેર કે એકાંત સરખાં છે. દિવ્ય ઉપસર્ગની સિદ્ધિ પામેલો યોગી માત્ર સ્થૂળદેહથી નહીં પરંતુ 'અતિવાહિક' દેહથી પણ ભોગ ભોગવી શકે છે. સ્થૂળશરીર દ્વારા કરેલા ઉપભોગ કરતાં અતિવાહિકશરીર દ્વારા થતા ઉપભોગ વધુ આનંદદાયી હોય છે. વળી અતિવાહિકશરીરને ચાર દિવાલોની મર્યાદા નડતી નથી એટલું જ નહીં પણ એ અત્યંત ઝડપથી ગમે તેટલું લાંબું અંતર પણ કાપી શકે છે. આવા



અતિવાહિકશરીરને ઓરડીમાં પૂરી રાખવાથી લોકસંપર્ક તૂટી જાય અને સંસારની આસક્તિ ન ઉપજે એમ માનવું બાલિશ બુદ્ધિ છે."

"પ્રભુ! પહેલાં મારા બાલિશ કથન પર આપ હસ્યા. હવે એના પર મને જ હસવું આવે છે. સિદ્ધિના ઉપભોગના પ્રલોભનને એકાંતવાસથી નહીં પરંતુ સાચા વૈરાગ્યથી અટકાવી શકાય; આટલું હું આપની વાત પરથી સ્પષ્ટ સમજી શક્યો છું. કોણ જાણે કેમ, પણ મને એકાંતવાસ બહુ પ્રિય છે; એટલે હું એમ માનતો હતો કે યોગસાધક માટે તમામ પ્રકારના વિક્ષેપોને ટાળવા એક માત્ર રામબાણ ઇલાજ છે એકાંતવાસ. પરંતુ હવે મને સમજાય છે કે હું એકાંતવાસની ઉપયોગિતાને વધારે પડતી આંકી રહ્યો છું. એકાંતવાસ કરતાં વૈરાગ્યનું મૂલ્ય વિશેષ છે."

એકાંતવાસનું મૂલ્ય વધારે પડતું આંકવાની જરૂર નથી, તેમ એનું મૂલ્ય ઓછું આંકવાની પણ જરૂર નથી. એનું મૂલ્ય સમપ્રમાણ આંકવું જોઇએ. કોઇ વસ્તુને વધુ પડતું મહત્ત્વ આપી દેવું એ ઘેલછા ગણાય. એનું પ્રમાણ કરતાં ઓછું મૂલ્ય આંકવું એ ગાફેલિયત કહેવાય. મોક્ષાર્થી સાધકમાં ઘેલછા કે ગાફેલિયત બેમાંથી એકેય ન હોવી જોઇએ. એનામાં સમતા હોવી જોઇએ."

"પ્રભુ! હવે હું એકાંતવાસની ઘેલછા છોડી દઇશ, સાથે સાથે તેમાં ગાફેલિયત પણ નહીં દાખવું. એનું સમતુલાથી સેવન કરીશ."

"તારી એક ઘેલછા છૂટી તેથી મને સંતોષ થયો."

"હજી મારી બીજી કોઇ ઘેલછા આપના ધ્યાનમાં છે?"

"હા."

"તો કૃપા કરીને મને જણાવો જેથી હું તેમાં પણ સુધરી શકું."

"પ્રભુ! આપે મારા ગુરુદેવને જે દિવ્યશક્તિની પ્રાપ્તિ માટેની યોગસાધના શીખવી હતી તે જ સાધના મારા ગુરુદેવે મને શીખવી છે. તેમણે મને સમજાવ્યું છે કે દિવ્યશરીરની પ્રાપ્તિ કરવા ઈચ્છનાર યોગીએ નિવૃત્તિમાર્ગી બની, લોકસંસર્ગનો ત્યાગ કરી અને માત્ર સાધનારત રહેવું જોઈએ. તો પછી મારા જેવા મોક્ષાર્થી સાધક માટે પ્રવૃત્તિ પક્ષ સ્થાપવો અને તેનું સંચાલન કરવું એ પ્રવૃત્તિમાર્ગી બની ગયા જેવું થશે. એમ કરવા જતાં કદાચ હું સાધનાનો માર્ગ ચૂકીને અવળે માર્ગે ચડી જાઉં એવો ભય લાગે છે.

નિવૃત્તિ અંગેની તારી સમજ એ તારી બીજી ઘેલછા છે. નિવૃત્તિમાર્ગ એટલે એકલસૂરી સાધના એવું અર્થઘટન એ માત્ર સ્વહિતની વાત છે. તું દિવ્યશરીરની પ્રાપ્તિ માટે પ્રામાણિકપણે પુરુષાર્થ કરે એ જેટલું જરૂરી છે તેટલું જ ઈશ્વરના અનુગ્રહનું પણ મહત્ત્વ છે. માનવપુરુષાર્થ અને ઈશ્વરાનુગ્રહનો જ્યારે સમન્વય થાય ત્યારે જ જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય પ્રાપ્ત થઈ શકે. કંઈ પણ પામતાં પૂર્વે એનું મૂલ્ય તો ચૂકવવું જ પડે. મોક્ષ પામતાં પૂર્વે લોકસંગ્રહ અર્થે કાર્યરત બની લોકો પ્રત્યેનું ઋણ અદા કરવું પડે. જેમ દિવ્યદેહની પ્રાપ્તિને તારી જીવનસાધના માને છે તેમ સંસ્કૃતિના પુનરુત્થાનને તારું જીવનકાર્ય સમજ. દરેક મહાન કાર્યની સિદ્ધિ અર્થે થોડો ત્યાગ અવશ્ય કરવો પડે છે. તપશ્ચર્યા કરનારે માત્ર સ્વહિતનો વિચાર ન કરતાં સાથે સાથે લોકહિતનો પણ વિચાર કરવો જોઈએ. તપસ્વીએ માત્ર તપ નહીં, થોડો ત્યાગ પણ કરવો પડે. જો તપસ્વીઓ સંસ્કૃતિરક્ષકો ન બને તો સમાજ સંસ્કારહીન બને અને જગતમાં અધર્મ વધે. સંસ્કૃતિના પુનરુત્થાન માટે પવિત્ર પુરુષાર્થ કરવો એ પણ તપની પરિપૂર્ણતા



માટે જરૂરી છે. સંસ્કૃતિના ઘડતરનું કાર્ય આત્મકલ્યાણના કાર્યથી જુદું કે ઊતરતું નથી. વાસ્તવમાં બંને પરસ્પર સંકળાયેલાં છે. ઈશ્વર, દેવતા, યોગી, ધર્મ, જ્ઞાન, ભક્તિ, તપ, સંસ્કૃતિ વગેરે એકબીજા સાથે સંકળાયેલાં છે."

"ભગવન્! આપનું કથન સર્વથા સત્ય જ હોય, એમાં વિવાદને સ્થાન ન હોય. પરંતુ મારી સમજ એવી છે કે હાલ જો હું દિવ્યશરીરની પ્રાપ્તિ અર્થે પુરુષાર્થ કરવાનો પ્રાપ્તધર્મ બજાવી લઉં તો પછી જ્યારે મારામાં સ્વયંસિદ્ધ શક્તિનો વિકાસ થશે ત્યારે આપના આદેશાનુસાર સંસ્કૃતિના પુનરુત્થાનનું કાર્ય આરંભીશ. સ્વયંસિદ્ધ શક્તિ વિના જગતમાં મહાન કાર્યો થઈ શકતાં નથી."

"તારી સમજમાં થોડો સુધારો કરવાની જરૂર છે. પ્રથમ તો એ કે માત્ર પ્રાપ્તધર્મ બજાવવાથી કંઈ બધું પૂરું નથી થઈ જતું. વળી વ્યક્તિ જાતે નક્કી કરે તેટલો જ પ્રાપ્તધર્મ હોતો નથી. આ વિશ્વમાં દરેક જીવાત્માને ભાગે કંઈ ને કંઈ લોકહિતાર્થે કાર્ય કરવાનું ઈશ્વરે નિશ્ચિત કરી રાખેલું હોય છે. એ સહજ પ્રાપ્તધર્મ છે. એને અનુસરવું એ પણ સાધના છે. એ સહજ પ્રાપ્તધર્મનું અનુસરણ પ્રવૃત્તિથી દૂર ભાગવાથી નથી થઈ શકતું. સંયમપૂર્વક સાત્ત્વિક પ્રવૃત્તિ કરનારે નિવૃત્તિ માર્ગ પરથી લપસી પડવાનો ભય રાખવાની જરૂર નથી. તું મારી આધ્યાત્મિક પરંપરામાં હાલ ગુરુપદે સ્થાપિત થયેલો છે. ગુરુપદ એટલે શિષ્યો, અનુયાયીઓ અને અન્ય જિજ્ઞાસુઓને આધ્યાત્મિકતા, ધાર્મિકતા અને સંસ્કારિતા શીખવવાની જવાબદારી. જે ગુરુ અન્યને સન્માર્ગે દોરવા જતાં પોતે આસક્તિમાં ફસાઈ જશે એવા ડરથી ગુરુપદની જવાબદારી અદા ન કરે એ પોતાનો સહજ પ્રાપ્ત ધર્મ ચૂક્યો ગણાય. તારે પણ સહજ પ્રાપ્તધર્મ નિષ્ઠાપૂર્વક બજાવવો જોઈએ."

"પ્રભુ! આપે જે સમજાવ્યું તેના પરથી મને જણાય છે કે અત્યાર સુધી નિવૃત્તિ અંગેની મારી સમજ બરાબર ન હતી. હું સમજતો હતો કે તપશ્ચર્યા કરનાર સાધકે વિરક્ત ભાવે એકાંતમાં રહીને માત્ર સાધના જ કરવી જોઇએ. સાધકે સક્રિયતા ત્યાગી નિષ્ક્રિયતા અપનાવવી જોઇએ તો જ એ વિરક્તિ નિભાવી શકે. નિવૃત્તિ અંગેની મારી આવી સમજમાં આજ સુધી હું અટવાઇ ગયો હતો. તેથી જ પ્રવૃત્તિથી દૂર રહેવા મથતો હતો."

"બેટા! તું કેટલીક મૂળભૂત વાતો સમજી લઇશ એટલે તારી ગડમથલનો અંત આવશે. પ્રથમ તો એ કે નિવૃત્તિની ભાવના સહજ ઉદ્ભવેલી હોવી જોઇએ. એવી સહજ ભાવના કંઇ પ્રવૃત્તિથી દૂર ભાગવાથી પ્રાપ્ત થતી નથી. પ્રવૃત્તિની ગલીકૂંચીઓ સફળતાથી પાર કરનાર સાધકને જ સાચી સહજ નિવૃત્તિ પ્રાપ્ત થાય છે. સાધકે સહજ પ્રાપ્તધર્મની જવાબદારીથી અળગા થઇ નિષ્ક્રિય બની જવું યોગ્ય નથી. એવી નિષ્ક્રિયતા એ વિરક્તિ પણ નથી. નિષ્ક્રિયતા અને વિરક્તિની સેળભેળ કરવી યોગ્ય નથી. સાધકે સહજ પ્રાપ્તધર્મની જવાબદારી નિભાવવા માટે નિષ્કામ ભાવે સક્રિય રહેવું જોઇએ. નિષ્કામ ભાવે કંઇ પ્રલોભન વિના જો સાત્ત્વિક નિષ્ઠાથી પ્રવૃત્તિ કરવામાં આવે તો એ સત્યની શોધમાં બાધક નીવડતી નથી, બલ્કે સહાયક બને છે. ભવસાગર તરી જવાની ઇચ્છા રાખનારે એટલું તો સમજવું જોઇએ કે પોતે ઊંડા જળમાં પડવું જોઇએ અને તેમાં હાથ–પગ હલાવીને તરવું પડશે, તો જ ભવપાર ઊતરી શકાશે. ડૂબવાનો ભય રાખનાર કેવી રીતે તરી શકે?"

"ભગવન્! આજે આપના અમૂલ્ય માર્ગદર્શનથી નિવૃત્તિનો કોયડો ઉકેલવામાં નવી જ દિશા સૂઝી છે. નિષ્ક્રિય બનવું એ



નિવૃત્તિ નથી પરંતુ નિષ્કામ ભાવે સક્રિય રહેવું એમાં સાચી નિવૃત્તિ અને વિરક્તિ છે. નિવૃત્તિની ભાવના સાચી ન હોય તો નિવૃત્તિ પણ સમય જતાં અપક્વ રહી જાય એવી અપક્વ નિવૃત્તિ અપર્યાપ્ત બની જાય અને ધીમે ધીમે લુપ્ત થઇ જાય. એટલે નિવૃત્તિમાર્ગી તપસ્વીએ પણ એવી સ્થિતિને અટકાવવા લોકસંગ્રહના હેતુથી પ્રભુની ઇચ્છાને વશ થઇ સહજ પ્રાપ્તધર્મ બજાવવા તત્પર રહેવું જોઇએ. મારા પ્રારબ્ધમાં પણ જો વિધિએ એવું લોકસંગ્રહનું કોઇ કાર્ય નિર્મિત કર્યું હોય તો હું એ દિશામાં નિષ્કામ ભાવે સક્રિય બનવા તૈયાર છું. આપ તો સર્વજ્ઞ છો એટલે આપ મારા માટે જે યોગ્ય હોય તે આદેશ આપો!"

"વત્સ! વિધિનું નિર્માણ ઘણું અટપટું હોય છે. એટલે એને સમજવાની ચિંતા કર્યા વિના માત્ર શ્રદ્ધેય વ્યક્તિના આદેશ મુજબ નિષ્ઠાપૂર્વક કાર્ય કરવું એ જ વિવેકબુદ્ધિ છે. શ્રદ્ધેય વ્યક્તિનાં વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી તેના આદેશને સમર્પિત થવામાં સલામતિ હોય છે. અત્યારે મારી કોઇ વાત તને બરાબર ન સમજાતી હોય તો પણ તેને શ્રદ્ધાપૂર્વક માની લે. વિશ્વસંચાલક શક્તિ તને નિમિત્ત બનાવીને જે કાંઇ કાર્ય કરાવવા ઇચ્છતી હોય તેમાં નિષ્ઠાપૂર્વક પ્રવૃત્ત થવાથી માનવસેવાના કાર્યો દ્વારા તારું પ્રારબ્ધ ભોગવાઇ જશે અને સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવાઇ જશે. મોક્ષ પ્રાપ્તિની અને વિરક્તિની ભાવના ઉત્તમ છે પરંતુ એ ભૂલવું ન જોઇએ કે જીવન એ પ્રવૃત્તિ, નિવૃત્તિ અને પ્રારબ્ધ વચ્ચે એકરાગતા સાધવાનો ખેલ છે. સાધકે સેવક પણ બનવું પડે છે. સમાજ તરફથી મળતી ભોજન–રહેઠાણની સગવડને પરિણામે સંન્યાસીઓ કે સાધકો માટે ધ્યાનયોગમાં ડૂબેલા રહેવું શક્ય બને છે. આમ સમાજનું ઋણ ચડે છે. ઋણ પૂરેપૂરું ન ચૂકવાય ત્યાં

સુધી મોક્ષરૂપી અંતિમ પરિણામ પ્રાપ્ત ન થઇ શકે. એટલે સમાજ-ની ઉન્નતિ અર્થે નિષ્કામભાવે સેવા કરવી એ પણ સાધક માટે જરૂરી બને છે. અનિચ્છાએ પણ ઋણ તો ચૂકવવું જ પડે છે. તો પછી એને પ્રસન્નતાપૂર્વક અને નિષ્કામ ભાવે શા માટે ન ચૂકવવું?"

"પ્રભુ! પ્રવૃત્તિ અને નિવૃત્તિ વચ્ચેનો ગૂંચવાડો આપે મારા મનમાંથી હટાવી દીધો છે. વળી નિર્મિત કે પ્રારબ્ધ વિશે પણ મારા મનમાં વધુ સ્પષ્ટતા થઇ છે. નિર્મિતના ચાકડે ચડીને ઘડાવાથી જ સાધકનો ઘાટ બરાબર ઊતરી શકે એ વાત મને યથાર્થ સમજાઇ ગઇ છે. તેથી મારા મનમાં હવે કશી દ્વિધા નથી. હું આપના આદેશાનુસાર કાર્યરત બનવા તૈયાર છું. સંસ્કૃતિના પુનરુત્થાન માટે મારે શું કરવાનું છે તે અંગે હવે આપ વિગત-વાર માર્ગદર્શન આપવા કૃપા કરો. (અપૂર્ણ)

○

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



### આધ્યાત્મિક સિદ્ધિ માટે

# ચારિત્ર્ય નિર્માણ

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

આધ્યાત્મિક સાધનામાં સફળતા પ્રાપ્ત કરવા માટે ચારિત્ર્યના યોગ્ય ઘડતરની જરૂર પડે છે જ. ચારિત્ર્યનું યોગ્ય ઘડતર જેમ જેમ થતું જાય તેમ તેમ આધ્યાત્મિક સાધના પણ વધુ ને વધુ સરળ થતી જાય છે.

સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના નીતિમાન સંબંધો એટલે ચારિત્ર્ય એવો સામાન્ય અર્થ ચારિત્ર્યનો કરવામાં આવે છે. અલબત્ત ચારિત્ર્ય માટે આ બાબત ખૂબ જ અવશ્યક છે, પણ અમુક પુરુષ સ્ત્રીઓ સાથે માત્ર નીતિમાન સંબંધો રાખતો હોય, પોતાનાથી મોટી વયની સ્ત્રીઓને માતા ગણતો હોય, પોતાની સમાન વયની સ્ત્રીઓને બહેન ગણતો હોય અને પોતાનાથી નાની વયની સ્ત્રીઓને પુત્રી ગણતો હોય એટલા જ માત્રથી તે ચારિત્ર્યશીલ ગણાતો નથી.

ચારિત્ર્યશીલ મનુષ્યનાં લક્ષણો આપણે જોઇએ.

ચારિત્ર્યશીલ વ્યક્તિ સ્થિતપ્રજ્ઞ હોય છે. એનો સ્વભાવ આવેશપ્રધાન કે અત્યંત સંવેદનશીલ હોતો નથી. કોઇ પણ અનિચ્છનીય બનાવ બને અથવા અચાનક આપત્તિ આવી પડે ત્યારે તે ઇલાજ કરવાને બદલે શોકમાં ડૂબી જાય છે અને આવા શોકમાંથી તે પાછો વળી શકતો નથી. તે કોઇ મોટો અકસ્માત જુએ તો ચીસ પાડીને બેભાન બની જાય છે અને કામમાં ચિત્ત

લગાડી શકતો નથી, તે રાતે નીરાંતે ઊંઘી શકતો નથી. જે કોઇ તેને મળે તેને તે અકસ્માતની વાત કર્યા જ કરે છે. કુટુંબમાં કોઇનું મૃત્યુ થાય તો કાયમ માટે શોકમાં ડૂબી જઇ પોતાનું શારીરિક તથા માનસિક આરોગ્ય ખોઇ બેસે છે. આગ લાગી હોય તો તે જોવા માટે દોડશે પણ મદદ કરવાનો તેને વિચાર પણ નહીં આવે. કોઇએ તેને કડવા કે ક્રોધભર્યા શબ્દો કહ્યા હોય તો તે જીવનભર યાદ કર્યા કરે છે. કોઇએ કદાચ તેનું કંઇ બગાડયું હોય તો તે જીવનભર યાદ રાખી બધાને કહ્યા જ કરે છે. આવી વ્યક્તિ ખૂબ મોટેથી, ઝડપથી તથા વધુ પડતું બોલ્યા જ કરે છે. આવી વ્યક્તિ ક્યારેય સાચું સુખ તથા આરોગ્ય પામતી નથી તથા કોઇને સુખી અને નીરોગી રહેવા દેતી નથી. ગમે તેવી આપત્તિ આવી પડે પણ તે ડરતો નથી. અનિવાર્ય દુઃખ તે શાન્તિથી સહન કરે છે અને નિવારણ થઇ શકે તેવા દુઃખના નિવારણમાં લાગી જાય છે.

ચારિત્ર્યશીલ વ્યક્તિ પોતાની તમામ જવાબદારી અદા કરવા શારીરિક તથા માનસિક પરિશ્રમ કર્યા કરે છે. એનામાં ક્યારેય જવાબદારીમાંથી છૂટવાની કે છટકવાની વૃત્તિ થતી નથી. ક્યારેય તેમને કોઇ જવાબદારી સોંપાય ત્યારે યુક્તિપ્રયુક્તિ કરીને અથવા બહાના બતાવી તે વ્યક્તિ ક્યારેય છટકી જવા પ્રયત્ન કરતી નથી. આવા લોકો કહેતા હોય છે કે : કંઇ કામકાજ હોય તો સંકોચ વગર જરૂર જણાવજો. પણ જો તેમને એકાદ આંટો ખાવાનું કહેવામાં આવે તો તરત જ કોઇ બહાનું બતાવી તેઓ છટકી જાય છે. તેઓ સગાંસંબંધીઓને ત્યાં લગ્ન આદિ પ્રસંગોમાં શોભાના ગાંઠિયાની માફક આગળથી જ ધામો નાંખે છે, પરંતુ કોઇ પણ કામગીરીમાંથી સીફતપૂર્વક છટકી જાય છે.



જ્યારે ચારિત્ર્યશીલ વ્યક્તિ ઓફિસોમાં વધુમાં વધુ સમય સારામાં સારી કામગીરી બજાવશે. તે કદીય કામચોરી પસંદ નહીં કરે. પોતાની જવાબદારી સીફતપૂર્વક બીજાના ઉપર નાંખી નહીં દે. ઓફિસમાં ખૂબ કામ વધી ગયું હોય તો તે રજા લેવાનો વિચાર સુદ્ધાં નહીં કરે.

આવી ચારિત્ર્યશીલ વ્યક્તિઓને સામાજિક સેવા કરવાનું ગમે છે, પણ આવી સંસ્થાઓનો ગેરલાભ ઉઠાવવાનું જરાય ગમતું નથી. આવી વ્યક્તિઓને સત્કાર્યોમાં આગેવાની લેવાનું ગમે છે પણ પોતાને કોઇ આગેવાન બનાવે એવો મોહ તેમને હોતો નથી.

ચારિત્ર્યશીલ વ્યક્તિઓ અન્ય વ્યક્તિઓને પણ બુદ્ધિમાન સમજી એમની બુદ્ધિમત્તાની યોગ્ય કદર કરે છે. ચારિત્ર્ય વગરની વ્યક્તિઓ બીજાઓને મંદબુદ્ધિ તથા બેવકૂફ સમજે છે. કદાચ કોઇ સત્કાર્ય કરવાનું આવી પડે તો 'મને કંટાળો આવે છે.' એવું બહાનું કાઢે છે. બીજાઓ પોતાને અન્યાય કરે છે એવી વાતો તેઓ કર્યા કરે છે. વાતચીતમાં તેઓ ભાગ્યે જ બીજાને બોલવાની તક આપે છે જ્યારે ચારિત્ર્યશીલ વ્યક્તિ માત્ર જરૂર પૂરતું બોલી બીજાને જ બોલવાની વધારે તક આપે છે.

ચારિત્ર્યશીલ વ્યક્તિના મિત્રો પ્રશંસકોની સંખ્યામાં સતત વધારો થયા કરે છે. કોઇ આવી વ્યક્તિનું અપમાન કરે તો તે સામું અપમાન કરવાને બદલે પોતાનામાં કોઇ અવગુણ રહી તો ગયો નથી એની તપાસ કરે છે. અપમાન કરનાર સામે મૂંગા રહેવાનું તે પસંદ કરે છે.

ચારિત્ર્યશીલ વ્યક્તિ કાર્યદક્ષ તો હોય જ. રામકૃષ્ણ પરમહંસ પોતાના શિષ્યોની કાર્યદક્ષતાની વારંવાર તપાસ કરતા રહેતા.

એમણે એક વાર એક શિષ્યને બાલદી લેવા મોકલ્યો અને બાલદી લાવીને તે રામકૃષ્ણ પરમહંસને કહેવા લાગ્યો કે : આપનું નામ દીધું એટલે સસ્તામાં આ સરસ બાલદી દુકાનદારે આપી દીધી!

રામકૃષ્ણ પરમહંસે કહ્યું : પણ બાલદીમાં પાણી ભરી જોયું હતું?

શિષ્યે ના પાડી એટલે રામકૃષ્ણ પરમહંસે બાલદીમાં પાણી ભરાવ્યું તો બાલદી કાણી નીકળી! તરત જ તેમણે શિષ્યને બાલદી બદલાવવા મોકલ્યો.

ચારિત્ર્યશીલ વ્યક્તિ ક્યારેય ગુસ્સો નહીં કરે, ક્યારેય ઘાંટા પાડીને બોલશે નહીં. તેમની પાસેથી ક્યારેય કોઈની નિંદા સાંભળવા મળશે નહીં. તમે એમની આગળ કોઈની નિંદા કરશો તો એમાં તેઓ તમને કદી સાથ નહીં આપે.

ચારિત્ર્યશીલ વ્યક્તિ સહુના ઉપર પ્રેમ રાખે છે પરંતુ સામી વ્યક્તિએ એમના પર પ્રેમ રાખવો જ જોઈએ, એમને માન આપવું જ જોઈએ એવો દુરાગ્રહ ક્યારેય સેવશે નહિ.

આવી ચારિત્ર્યશીલ વ્યક્તિને પૂછો કે અમુક ભાઈ કેવા છે? તો તરત જ તેઓ તેના ગુણોનું જ વર્ણન કરશે. વાતવાતમાં ખોટું લાગવાનો એમનો સ્વભાવ હોતો નથી. તેઓ યોગ્ય વ્યક્તિની યોગ્ય કદર મીઠા શબ્દોથી, સેવાથી કે ભેટસોગાદો આપીને કરે છે. સ્વામી અખંડાનંદને કોઈએ એક કલાત્મક મૂર્તિ ભેટ આપેલી. મનુ સુબેદારને આ મૂર્તિ ગમી એટલે તેઓ તેના વખાણ કરવા લાગ્યા. અખંડાનંદ સ્વામીએ તરત જ તે મૂર્તિ મનુ સુબેદારને ભેટ આપી દીધી અને કૃતજ્ઞભાવે ચારિત્ર્યશીલ શ્રી મનુ સુબેદારે પોતાનું જીવન અખંડાનંદ સ્વામીને અર્પણ કરી "સસ્તુ સાહિત્ય-વર્ધક કાર્યાલય" જીવનભર ચલાવ્યું.



ચારિત્ર્યનું ઘડતર માત્ર સદ્‌ગ્રંથો વાંચવાથી કે માત્ર કથાઓ સાંભળવાથી થતું નથી. ચારિત્ર્યશીલ થવા માટે આદર્શ વ્યક્તિઓ તથા સાધુસંતોના સતત સત્સંગની આવશ્યકતા છે. કુટુંબના સારા સંસ્કારોની જરૂરયાતો છે. અધ્યાત્મમાર્ગની સાધના સાચા ગુરુના માર્ગદર્શન નીચે કરવાથી પણ વ્યક્તિ ચારિત્ર્યશીલ થઈ શકે છે. ચારિત્ર્યશીલ વ્યક્તિ જ આધ્યાત્મિક બની શકે અને આધ્યાત્મિક વ્યક્તિ—સાચી આધ્યાત્મિક વ્યક્તિ ચારિત્ર્યશીલ તો હોય, હોય ને હોય જ.

**ભગવાનની ભક્તિ વગર બધું નકામું**

જીવનમાં ધન, વૈભવ, ઐશ્વર્ય, પદ, પ્રતિષ્ઠા, પૂજા, સત્તા, સૌંદર્ય, યૌવન બધું જ હોય, પરંતુ જો ભગવાનની ભક્તિ ન હોય, તો તે એકડા વગરનાં મીંડાં જેવું છે.

યોગેશ્વરજી

**ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઈલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**

**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***

**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**

એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.

જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)

ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯

ફેક્સ : (૯૧) ૦૨૬૩૫૩–૨૪૫૯/૨૦૬૭

# બીજાને માટે જીવવાનો મહામંત્ર

મહાત્મા યોગેશ્વરજી

જીવનના પરમ પવિત્ર પુરુષાર્થ, પરમ અર્થ કે પરોપકારનું પ્રતિપાદન કરતાં સુંદર, સરસ, પ્રેરક શબ્દોમાં કહેવામાં આવ્યું છેઃ

સરવર તરવર સંતજન ચોથા વરસે મેહ,
પરમારથ કે કારને ચારો ધરિયા દેહ.

સરવર અને સરિતાનું સમસ્ત સલિલ સંસારને માટે છે. એનો લાભ માનવ કે માનવેતર કોઇ પણ પ્રાણી લઇ શકે છે. પોતાના સલિલ પર સરવર કે સરિતાનો એકાધિકાર નથી હોતો, પોતાના વિશાળ જળભંડારને પોતાના વ્યક્તિગત સુખ માટે વાપરવાને બદલે એ સમષ્ટિગત સુખ શાંતિ અને સમૃદ્ધિને માટે સમર્પે છે, સૃષ્ટિને સશ્ય-શ્યામલા કરવા માટે, હરીભરી બનાવવા માટે, પોતાનો ફાળો પ્રદાન કરે છે. વૃક્ષનું જીવન પણ બીજાને માટે ઉપયોગી થાય છે. એની છાયા, એનાં પર્ણ, પુષ્પ, ફળ તથા કાષ્ઠ બીજાને માટે જ વપરાય છે. વૃક્ષ પણ પોતાની સમસ્ત સાધનસામગ્રી કે સંપત્તિ દ્વારા વિશ્વનું બની જાય છે. એટલા માટે તો વિદ્વાનોએ વૃક્ષની પાસેથી પદાર્થપાઠ લેવાનો સંદેશ આપ્યો છે. મેઘ પણ પોતાના જીવનધનને સમર્પીને સૃષ્ટિની સેવા-સહાયતા કરે છે. મેઘ વિનાની સૃષ્ટિની કલ્પના પણ નથી કરી શકાતી. મેઘ જગતને માટે પ્રત્યક્ષ દેવતાનું કામ કરે છે. અસાધારણ આશીર્વાદરૂપ બને છે. પરમાત્માના પરમ કૃપાપાત્ર અથવા પરમાત્માની પરમ કૃપાને પામવાનો પ્રામાણિક પ્રયત્ન કરનારા



સંતો પણ તન, મન, વચન દ્વારા સમસ્ત જીવનને અન્યના અભ્યુદયના મહાયજ્ઞની આહુતિ જેવું બનાવી દે છે. એમનું સમસ્ત જીવન સમાજનું થઇ જાય છે, આપણે પણ એ ચારે પરમાર્થીઓની જેમ આપણા જીવનને પરમાત્માનું સમજીને પરમાત્માની સૃષ્ટિની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ અને સમુન્નતિના કાર્યમાં લગાડી દેવું જોઇએ. જીવન સમાજને સમર્પિત કરવું જોઇએ, અને સમાજને માટે જીવાવું જોઇએ. પરમાર્થ અથવા સમાજની સહાયતા એ આપણો જીવનમંત્ર બની જવો જોઇએ. આપણી પાસે જે પણ ધન હોય, બળ હોય, વિદ્યા હોય, અધિકાર પદ પ્રતિષ્ઠા કે સત્તા હોય તે દ્વારા આપણે અન્યને ઉપયોગી થવા તૈયાર રહેવું જોઇએ.

બીજાને ઉપયોગી થવાની શુભ પ્રવૃત્તિનો આધાર લેવાથી લાંબે ગાળે આપણને જ લાભ થાય છે. આપણું હૃદય વિશાળ બને છે, ઉદાર થાય છે, સંવેદનશીલ તથા સહાનુભૂતિ-સંપન્ન થતું જાય છે. અને અંતે આપણી આજુબાજુના સૌમાં, હૃદયની સંપૂર્ણ શુદ્ધિ સધાતાં, આપણે ઈશ્વરદર્શન પણ કરી શકીએ છીએ. બીજાને માટે જીવવાની એક જ સાધના અન્ય સાધનાના ફળને પ્રદાન કરનારી અને જીવનને ઉજ્જ્વળ બનાવનારી થઇ પડે છે.

આજે આપણે અન્યને માટે જીવનારા, બીજાને માટે પોતાના સ્વાર્થને ગૌણ ગણીને તિલાંજલિ આપનારા માનવોની આવશ્યકતા છે. એવા મજૂરો અને માલિકો, ડોક્ટરો, વકીલો, શિક્ષકો, સેવકો, રાજનીતિજ્ઞો, પ્રધાનો અને સભાસદો, વેપારીઓ, સૈનિકો, જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં રહેતા સેવાભાવી માનવોની આવશ્યકતા છે. આપણા દેશના અભ્યુત્થાનને માટે બીજાને

સમર્પિત થવાની ભાવનાને દૃઢીભૂત બનાવવાની આવશ્યકતા છે. આપણે સૌ આપણે માટે જીવીએ છીએ. તેમ અન્યને માટે પણ શ્વાસ લેતાં અને કાર્ય કરતાં શીખીએ તો સમાજનું ચિત્ર બદલાઇ જાય, સમાજની કાયાપલટ થઇ જાય. આપણે જેવા સુખી સુસમૃદ્ધ સમાજની અપેક્ષા રાખીએ છીએ એવા સુખી સુસમૃદ્ધ સમાજની પ્રસ્થાપનામાં વાર ના લાગે. આપણો આજનો મહામંત્ર બીજાને માટે જીવવાનો, કાંઇક કરી છૂટવાનો, હોવો જોઇએ.

## સંત આશ્રમની રજ પાવનકારી

ભક્ત પુંડલિકે તીર્થયાત્રા દરમિયાન એક વાર કુક્કુટ ઋષિને આશ્રમે રાતવાસો કર્યો હતો. અડધી રાતે તેમને કૌતુક જોવા મળ્યું. કાળી કલુટી ત્રણ સ્ત્રીઓ ત્યાં આવી, આશ્રમમાં ઝાડુ વાળીને કચરો એકઠો કર્યો. પછી એમાં આળોટતાં જ ત્રણે સ્ત્રીઓ ધોળી દૂધ જેવી જ બની ગઇ! પુંડલિકે રહસ્ય પૂછ્યું. જવાબમાં ત્રણમાંની એકે કહ્યું કે અમે ગંગા, યમુના, સરસ્વતી છીએ. લોકો અમારામાં પાપ ધોઇને મલિન કરી નાંખે છે. મહર્ષિ કુક્કુટ તો જંગમ તીર્થ છે. એમના સંચરણથી પવિત્ર બનેલી આશ્રમની રજ એકઠી કરી એમાં આળોટવાથી પુનઃ ઉજ્જવલ બની અમે પુનઃ વિશ્વનાં પાપ ધોવા પ્રસ્થાન કરીએ છીએ.

"એના કદમ કદમ પર કાશી,
એનાં દર્શન પાપ વિનાશી."



# શ્રી શ્રી મા શારદાદેવી

લેખક : સ્વામી ગંભીરાનંદજી
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

મા શારદા પોતાનું દેવી રૂપ પ્રસિદ્ધ થાય તેવું ઇચ્છતાં નહિ. તો પણ કોઇ કોઇ પ્રસંગે પોતાના શ્રીમુખેથી જ આડકતરી રીતે પોતાના દેવી રૂપનો ઉલ્લેખ થઇ જતો. કોઇ કોઇ સમયે ભક્તોના અતિ આગ્રહ કે હઠને અંતે પણ પોતાનું દેવી સ્વરૂપ જાહેર કરવું પડતું. માતાજીને લાગે કે કોઇ ભક્ત કેવળ તેમને રાજી કરવા માટે તેમની પ્રશંસા કરે છે તો તેની વાતને સ્હેજ પણ મહત્ત્વ આપતાં નહિ. આવા પ્રસંગોમાં ભક્તની વાત ધડમૂળથી કાપી નાંખતાં. ભક્તને ધમકાવતાં પણ ખરાં. ચાલો નીચેના પ્રસંગો પર દૃષ્ટિપાત કરીએ.

* * *

એક વાર સુરેન્દ્રકુમાર સેન સ્વામી વિવેકાનંદ પાસે દીક્ષા લેવા ગયા હતા, ત્યારે દીક્ષાસન પર બેઠા બેઠા સ્વામીજીએ કહ્યું કે, 'શ્રી રામકૃષ્ણદેવ દ્વારા જાણવા મળ્યું છે કે એમના કરતાં વધારે શક્તિવાળા ગુરુ પાસે એમને દીક્ષા મળશે.'

થોડા દિવસ પછી સુરેન્દ્રકુમારે સ્વપ્નમાં જોયું કે તે શ્રી રામકૃષ્ણના ખોળામાં બેઠા છે ને એક માતૃમૂર્તિ એને દીક્ષા આપે છે. ત્યારબાદ ઘણાં વર્ષો પછી ૧૯૧૧ સનેમાં, જ્યારે સુરેન્દ્રકુમાર દુર્ગાપૂજા વખતે જયરામવાટી ગયા ત્યારે માતાજી પાસે એમણે દીક્ષા લીધી હતી. તેમણે જોયું કે વર્ષો પહેલાં સ્વપ્નમાં જોયેલ માતૃમૂર્તિ અને માતાજી એક જ છે. ઉપરાંત સ્વપ્નમાં મળેલ મંત્ર

અને માતાજીએ આપેલ દીક્ષામંત્ર પણ એક જ છે. આ જાણી સુરેન્દ્રકુમાર ભાવાવેશમાં લગભગ બેભાન થઇ ગયા હતા.

* * *

શ્રી રામકૃષ્ણદેવના તિરોધાન પછી માતાજી એક વાર કામારપુકુરથી જયરામવાટી આવતાં હતાં. એમના નાના ભત્રીજા શિવરામ ત્યારે કપડાંની પોટલી લઇ એમની પાછળ પાછળ આવતા હતા. જયરામવાટી નજીક આવતાં, એક ખેતર વટાવતાં, શિવરામના મનમાં અચાનક કાંઇ વિચાર સ્ફૂર્યો ને તે ત્યાં જ ઊભા રહી ગયા.

માતાજી થોડે આગળ ચાલ્યાં ગયાં પછી, તેમને શિવરામના પગનો કાંઇ અવાજ ન આવવાથી પાછળ જોયું તો શિવરામ તો ઊભા રહી ગયા છે. એટલે નવાઇ પામી તેમણે કહ્યું, "શું થયું શિવુ, આગળ આવ." શિવરામ બોલ્યા, "એક વાતનો જવાબ આપો તો જ આવું." માતાજીએ પૂછ્યું, "શી વાત?" શિવરામ બોલ્યા, "તમે કોણ છો તે કહેશો?" માતાજીએ કહ્યું, "હું વળી કોણ હોઇ શકું?" "તારી કાકી." એ સાંભળી જિદ્દ કરી શિવરામ બોલ્યા, "તો હું આ ઉભો. ઘર પાસે જ છે. તમે તમારે જાઓ." સૂર્યાસ્ત થતો હોવાથી માતાજીએ મૂંઝાઇને કહ્યું, "જો તો વળી! હું કોણ હોઇ શકું? હું તો સ્ત્રી છું. તારી કાકી છું." શિવરામે મક્કમતાથી કહ્યું, "સારું, તો તમે જઇ શકો છો." શિવરામને અડગ ઊભેલા જોઇ આખરે માતાજીએ કહ્યું, "લોકો કહે છે કે હું મા કાલી છું." શિવરામ બોલ્યા, "મા કાલી? સાચે જ?" માતાજીએ કહ્યું, "હા" પછી શિવરામે ખુશી થઇ કહ્યું, "તો હવે ચાલો." કહી એમની સાથે જયરામવાટી ગયા.

* * *



સને ૧૯૨૦ ના ફેબ્રુઆરી મહિનામાં માતાજી જયરામવાટીથી કલકત્તા જવાનાં છે એમ સાંભળી શિવરામ એક દિવસ સવારે અગિયાર વાગ્યે કામારપુકુરથી આવ્યા ને માતાજીને જણાવ્યું કે પરોઢથી રાત સુધીની બધી દેવસેવાનું કામ પતાવીને આવ્યા છે. તેથી તેઓ રાતના પાછા નહિ જાય. આ સાંભળી માતાજી અસંતુષ્ટ ને તે જ સાંજે પાછા જઇ સાંજની આરતી વગેરે નિયમ મુજબ કરવાનું કહ્યું. બ્રહ્મચારી વરદાને ફળ ને શાકની પોટલી બાંધી આમોદર નદી સુધી શિવરામને પહોંચાડી આવવાનું કહ્યું. તે પ્રમાણે વરદાએ કર્યું.

થોડા વખત પછી જોયું કે શિવરામ પાછા માતાજી પાસે આવ્યા ને એમને સાષ્ટાંગ પ્રણામ કરી રડતાં રડતાં બોલ્યા, "મા, મારું શું થશે? તમારી પાસે જાણવા માગું છું." માતાજીએ તેને ઊભા કરતાં કહ્યું, "તારે વળી શેની ચિંતા? તેં ઠાકુરની કેટલી સેવા કરી છે? તેઓ તને કેટલું ચાહતા હતા! તું તો જીવનમુક્ત બનીને બેઠો છે." તો પણ શિવરામ બોલ્યા, "ના, તમે મારો ભાર લો અને તમોએ જે કહ્યું હતું, તે જ તમે છો ને? બોલો." માતાજી તેના માથા પર હાથ ફેરવી હેત કરે તેમ શિવરામ વધુ રડે ને કહે, "કહો તમે સાક્ષાત્ મા કાલી છો કે નહિ? અને તમે મારો બધો ભાર લીધો છે કે નહિ?"

શિવરામનો આ ભાવ ને વ્યાકુળતા જોઇ માતાજીનો ભાવ બદલાઇ ગયો. પાસે ઊભેલા બ્રહ્મચારી વરદાને સ્પષ્ટ રીતે લાગ્યું કે માતાજી હવે માનવી નથી. શિવરામના માથા પર હાથ રાખી તેઓ બોલ્યાં, "હા, એ જ ખરું છે, શિવરામે ત્યારે ચંડીનો પ્રણામમંત્ર ઉચ્ચાર્યો, 'સર્વ મંગલ માંગલ્યે...' અને પછી આંખો

લૂછી આનંદથી ઘેર જવા ઊઠયા. માતાજીના કહેવાથી બ્રહ્મચારી વરદા ફરી વાર એમની સાથે પોટકું ઉપાડી ગામની સીમ ઓળંગી. પ્રફુલ્લચિત્તે શિવરામે વરદાને કહ્યું, "ભાઇ, માતાજી તો સાક્ષાત્ મા કાલી છે, એ જ ભાગ્યવિધાત્રી છે એમની કૃપાથી જ મુક્તિ મળે, સમજ્યો?" (આગલા પ્રસંગમાં જ્યારે શિવરામે માતાજીને પૂછયું હતું કે તમે કોણ છો તે જણાવો તો જ હું આગળ ચાલીસ. જવાબમાં મા શારદાએ કહેલ કે, "લોકો કહે છે કે હું મા કાલી છું." શિવરામને માના આ જવાબથી સંતોષ નહિ થયો હોય. બીજા પ્રસંગમાં શિવરામ આકુળવ્યાકુળ થઇ રડી પડે છે. પોતાની કેવી ગતિ થશે તેની ચિંતા વ્યક્ત કરે છે. અને માતાજીને ફરી ફરી પૂછે છે કે સાચે જ તમે તે જ (મા કાલી) છો ને? પ્રત્યુત્તરમાં જ્યારે મા શિવરામને પોતાના શ્રીમુખેથી કહે છે કે 'હા' હું તે જ છું ત્યારે જ શિવરામને આત્મસંતોષ થાય છે 'ભક્તજનની' અને 'જ્ઞાનદાયિની'નાં પ્રકરણમાં ઘણા પ્રસંગોમાં જોયું કે મા શારદા અતિ સંવેદનશીલ સ્વભાવનાં હતાં. તેઓ કોઇને રડતાં જુએ તો પોતે દ્રવી જતાં. ઉપલા પ્રસંગમાં પણ જ્યારે શિવરામ રડી પડે છે ત્યારે માથી રહેવાતું નથી અને પરિણામે પોતે 'મા કાલી' જ છે તેમ કહેવા માટે વિવશ બની જાય છે.)

માતાજી આમ પ્રસંગોપાત્ત પોતાના દૈવી ભાવનો સ્વીકાર કરતાં, પણ બીજાની વાતો પોકળ અથવા ફક્ત ખુશામતભરી લાગતી ત્યારે ખોટા લાગણીવેડાને અટકાવવા માટે એ દૈવી ભાવનો અસ્વીકાર કરતાં. આવે વખતે પણ બુદ્ધિશાળી ને વિવેકી વ્યક્તિઓ સમજતી કે પોતાનો સાધારણ માણસ તરીકે પરિચય આપવા માટે જ તેઓ આમ કરતાં હતાં. માતાજી પોતાને શ્રી રામકૃષ્ણદેવનાં આશ્રિતા તરીકે જાણતાં. દીક્ષા આપ્યા પછી પણ



શ્રીરામકૃષ્ણદેવ તરફ આંગળી ચીંધીને કહેતાં, "આમને જ ગુરુ તરીકે જાણજો."

એમની આખરી માંદગી વખતે એક વૃદ્ધ સ્ત્રીએ એક દિવસ એમની પાસે જઇ "તમે જ જગદંબા છો, તમે જ બધું છો." એમ કહી પ્રશંસા કરવા માંડી પણ માતાજી તીખા અવાજે બોલી ઊઠયાં, "જા, જા, જગદંબાવાળી! એમણે (શ્રીરામકૃષ્ણે) દયા કરીને ચરણોમાં આશ્રય આપ્યો છે એટલે બચી ગઇ છું. 'તમે જગદંબા, તમે અમુક, તમે અમુક,' જા, ચાલી જા અહીંથી."

એક દિવસ જયરામવાટીમાં માતાજીના ઘરમાં 'શ્રી રામકૃષ્ણ પુંથિ' નામના પુસ્તકમાંથી એમના લગ્નનું પ્રકરણ વંચાતું હતું. જ્યાં માતાજીની જગદંબા તરીકેની પ્રશંસા આવવા માંડી કે તરત તેઓ ઊઠીને ચાલ્યાં ગયાં.

* * *

એક વાર શૈલબાળા ચૌધરીએ પ્રશ્ન કર્યો, "મા, ઠાકુરના નામનો જપ તો શીખવી દીધો છે, પણ આપના નામનો જપ કેવી રીતે કરું?" માતાજીએ કહ્યું, "રાધાના નામનો જપ કરીને, અથવા તને ગમે તે દેવીના નામનો જપ કરીને કોઇ બીજું નામ ન મળે ને ફક્ત 'મા' કહીને જપ કરીશ તોપણ ચાલશે."

* * *

જયરામવાટીમાં એમના છેવટના દિવસોમાં એમની રસોયણ એક રાતના નવ વાગ્યે એમની પાસે આવીને બોલી કે એ એક કૂતરાને અડકી છે. રસોયણ ખૂબ જ મરજાદી હતી. આભડછેટના નિયમો પ્રમાણે એને તો એ શિયાળાની રાતે પણ નાહવું પડશે. માતાજીએ કહ્યું કે, "આટલી મોડી રાતે સ્નાન કરવાની જરૂર

નથી. હાથપગ ધોઇ લૂગડું બદલી લેશે તો ચાલશે." પરંતુ તે સ્ત્રીને સંતોષ ન થયો. ત્યારે માતાજીએ સૂચના કરી કે, "તો ગંગાજળનો સ્પર્શ કરી લે." તે જવાબથી પણ તેને સંતોષ ન થયો ત્યારે પવિત્રતાની મૂર્તિ સમાં માતાજીએ કહ્યું, "તો મને અડકી લે." આ સાંભળી રસોયણની આંખો ખૂલી ગઇ ને એનું મરજાદીપણું થોડી વાર માટે દૂર થઇ ગયું.

* * *

એક વાર માતાજી 'ઉદ્‌બોધન'માં પૂજા કરતાં હતાં ત્યારે તેમની પાગલભાભીએ (રાધાની મા, સૂરબાળાદેવી) એમને ગાળો દેવા માંડી. પૂજા કરી રહ્યા પછી માતાજીએ એને કહ્યું, "કેટલા ઋષિઓ અને મુનિઓ તપશ્ચર્યા કરીને પણ મને પામતા નથી. ને મને મેળવ્યા પછી પણ તમે લોકો મારું અસલ સ્વરૂપ જાણી શકતાં નથી."

કાશીમાં પણ એક વાર સૂરબાળાએ એમને આખી રાત 'જા, મરી જા," એમ ગાળો દીધી હતી. માએ સવારે ઊઠીને કહ્યું, "એ જાણતી નથી કે હું તો મૃત્યુંજયી છું."

* * *

બાંકુડા જિલ્લામાં એક સાધુ દુકાળ રાહત કામ કરી આવ્યા પછી રામકૃષ્ણ મિશનના કામનો અહેવાલ આપતા હતા. એની વાત સાંભળી એમણે પોતાનો હાથ ચારે તરફ ગોળ ફેરવીને કહ્યું, "જો દીકરા, દેવી સિંહવાહિનીની કૃપાથી જયરામવાટીમાં આવી કોઇ પીડા નથી." પેલા સાધુએ કહ્યું, "મા, સિંહવાહિની વિષે હું કંઇ જાણતો નથી. હું તો એટલું જ સમજુ છું કે અહીં તમારી હાજરીથી જ એવી કોઇ પીડા નથી." (ક્રમશઃ)



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

મંદોદરી જરાક વિચારીને બોલી : 'સીતાએ મારા દિલને જીતી તો ક્યારનું ય લીધું છે–પ્રથમ મુલાકાતે જ એનો મારા પર જે પ્રભાવ પડ્યો છે તે મેં તમારાથી સહેજ પણ નથી છૂપાવ્યો. છતાં પણ મારો અનશનનો સંકલ્પ મેં કેવળ એના જ વિચારથી પ્રેરાઇને નથી કર્યો, તમારા વિચારથી પ્રેરાઇને પણ કર્યો છે. મારું શરીર તો થોડું ઘણું સૂકાશે, પરંતુ તમારું શ્રેય સધાશે.'

'મારું શ્રેય કેવી રીતે સાધી શકશે? અને તું મારું શ્રેય શી રીતે સાધવાની છે? મારું શ્રેય તો સીતાનું હરણ કરીને ક્યારનું ય સાધી લીધું છે. એ માટે તારે શરીરને નથી સૂકવવા જેવું.'

'તમે ભૂલો છો. અનશનથી મારું શરીર સૂકાશે પરંતુ તમારો યશ સૂકાવા માંડ્યો છે તે જાણો છો?'

'મારો યશ તો અજર અને અમર છે. એને સૂકવવાની શક્તિ અને હિંમત કોનામાં છે?'

'તમારા યશને બીજું તો કોણ સૂકવી શકે તેમ છે? એને સૂકવનાર તમે જ છો. તમારા કુકર્મોથી જ એ સૂકાવા માંડ્યો છે. એ પૂરો સૂકાઇ જાય અને સીતાના હરણનો અપયશ તમારે માટે ઘાતક થાય તે પહેલાં તમને તેમાંથી બચાવવા માટે એક પતિવ્રતા સ્ત્રી તરીકેનો તમારી પ્રત્યેનો મારો નમ્ર કર્તવ્યધર્મ બજાવી રહી છું. મારી અનશન સાથેની કરાતી કાકલૂદીભરી પ્રાર્થનાથી હૃદય-પરિવર્તન જ બાકી રહ્યું છે. એક સાચી, પ્રામાણિક, પતિવ્રતા સ્ત્રી

તરીકેનો તારો ધર્મ યાદ કરીને તું અહિ રહીને મારા હૃદય-પરિવર્તન માટે અનશન કરવા કરતાં અશોકવાટિકામાં જઈને એના હૃદયપરિવર્તનનો પ્રયાસ કરે તે જ બરાબર છે. દોષ મારો નથી પણ એનો છે—સીતાનો.'

'એ તો તમને કમળો થયો લાગે છે, એટલે એવું જ દેખાયા કરે.'

'કેમ? કમળો મને થયો છે કે તને કે સીતાને?'

'મને કે સીતાને નથી થયો, પરંતુ તમને જ થયો છે. કોઈ પણ તટસ્થ મનુષ્ય કહી શકે કે, તમારી આંખમાં, તમારા અંગે-અંગમાં અને અંતરમાં કામરૂપી કમળાની અસર છે એટલે તમારી બુદ્ધિ અવિવેકી બની ગઈ છે અને તમારા દોષનું આરોપણ સીતામાં કરી રહ્યા છો. સીતા રામમાં મન લગાડીને બેઠી છે એમાં કશું જ ખોટું નથી. એ રામમાં મન ન લગાડે તો બીજા કોનામાં લગાડે?'

'મારામાં.'

'કદાપિ નહિ. રામ એના પતિ છે, અને પતિ ગમે તેવા હોય, ગમે ત્યાં હોય, અને ગમે તેવી પરિસ્થિતિમાં હોય, તોપણ સ્ત્રી એમનામાં જ મન લગાડે છે, એમને જ ભજે છે ને ચાહે છે. આદર્શ સ્ત્રીનો એવો સ્વભાવ હોય છે. સીતા એવી આદર્શ સ્ત્રી છે એટલે રામને યાદ કરીને પાણીમાંથી બહાર કાઢેલી માછલીની પેઠે વ્યથા અનુભવે છે. તમારાથી દૂર રહીને હું તમારામાં મન ન લગાડું અને બીજામાં લગાડું તે તમને ગમે?'

'પરંતુ મારાથી તને દૂર જ ના થવા દઉંને! સીતાને તો હું ચાહું છું. સાચા દિલથી ચાહું છું.'



મંદોદરી જરાક કઠોર સ્વરે કહેવા માંડી : 'તમારું એ ચાહવું ખોટું છે. સીતા પરિણીત છે. એ તમને જરી પણ નથી ચાહતી, છતાં તમે તેને ચાહીને કષ્ટ આપો છો એ તમારી દુર્બુદ્ધિ સૂચવે છે. તમારી એ દુર્બુદ્ધિને દૂર કરવા માટે જ હું અનશન કરી રહી છું. અનશન દ્વારા તમારી બુદ્ધિના સુધારા માટે પ્રાર્થના કરીશ.'

રાવણ ફીકું સ્મિત કરીને કહેવા લાગ્યો : 'તારી એ પ્રાર્થના નિષ્ફળ જશે, કારણ કે મારી બુદ્ધિ સુધરેલી જ છે. તું અનશન કરીને મરી જઈશ તો પણ મારું હૈયું જરા પણ નહિ હાલે. સીતાને ગમે તેમ કરીને મેળવવાનો કે મારી કરવાનો મેં નિશ્ચય કર્યો છે. તે નિશ્ચય તારા અનશનથી નહિ બદલાય. તારે વગર વાંકે હાથે કરીને મરવું હોય તો તું જાણે.'

'મારા ધર્મનું પાલન કરતાં કદાચ મરવું પડે તો પણ શું થયું? એવું મૃત્યુ મંગલ, મહોત્સવમય અને આશીર્વાદરૂપ થઈ પડશે. એવું મૃત્યુ કંઈ જ્યારે ત્યારે ને જેને તેને નથી મળતું.'

રાવણ થોડીવાર મૂંગો રહીને પછી જરા કઠોર થઈને બોલ્યો : 'તું ગમે તેમ કરીશ તેથી હું સીતાને છોડી દઈશ એવું સ્વપ્ને પણ ન સમજતી. તું મરે તો ભલે, પરંતુ સીતાને તો નહિ જ છોડી શકું.'

'મારા જીવન કે મરણની તમારે મન કશી જ કીમત નથી લાગતી?'

'કેમ નહિ? તારા જીવનનું મૂલ્ય મારે મન ઘણું મોટું છે. મને સુખી કરવા તથા શાંતિ આપવા તું લાંબા વખત લગી જ નહિ, પરંતુ અનંતકાળ લગી જીવતી રહે એવું ઈચ્છું છું. તારે લીધે તો મારા જીવનમાં રસ છે, કસ છે, અને આનંદ છે. છતાં પણ તને

જીવનને બદલે મરણ જ વધારે પસંદ પડતું હોય અને તું એને જ ભેટવાની ઇચ્છા રાખતી હોય તો મારાથી બીજું થઇ શકે પણ શું? મારાથી એ ઇચ્છાની વચ્ચે કેવી રીતે આવી શકાય?'

'મને મરણ પસંદ પડે છે એવું નથી. જીવનનું મૂલ્ય મારે પણ ઘણું મોટું હોવાથી હું તેના પ્રત્યે પ્રેમ ધરાવું છું. તો પણ, તમારી રક્ષા માટે, બીજો કોઇ યે ઉપાય નથી દેખાતો ત્યારે, મેં અનશનનો આધાર લીધો છે. મને સફળતા આપવી કે ન આપવી એ ઈશ્વરના હાથમાં છે.'

'ઈશ્વરના હાથમાં? ઈશ્વરના હાથમાં નથી પણ મારા હાથમાં છે એમ કહે. હું અત્યારે ઈશ્વર બરાબર જ બની ગયો છું.'

'એવું તો મારાથી કેવી રીતે માની શકાય? તમે ઈશ્વર બરાબર બની ગયા હોત તો તમારી ચેષ્ટા જુદી જ હોત. તમે સીતા જેવી પવિત્ર સન્નારીનું હરણ કરવા ના ગયા હોત.'

'છતાં પણ અત્યારે તો ઈશ્વરની જેમ સૌના પર મારું જ શાસન ચાલી રહ્યું છે એ જોઇ શકે છે.'

'તમારું શાસન સૌના પર ચાલતું હશે તો પણ તમારા પોતાના પર નથી ચાલી રહ્યું. જે પોતાની જાત પર શાસન નથી કરતા તે કેવળ બહારના શાસનથી જ સલામત નથી બની શકતા. બહારનું શાસન તેમને કદી પણ નથી બચાવી શકતું. કદી કદી તો તેમના પતનનું કારણ પણ થઇ પડે છે.'

રાવણ ખડખડાટ હસ્યો ને બોલ્યો : 'એ હકીકત સાચી હોય તોપણ મને લાગુ નથી પડતી. મારું પતન કરી શકે એવું કોણ? એવી શક્તિ છે જ કોનામાં?' (ક્રમશઃ)

## સંસારમાંથી તરી જવાનો માર્ગ

આ સંસારમાંથી તરી જવાનો માર્ગ એક જ છે. તેને તમે ભક્તિ કહો, શરણાગતિ કે સર્વ સમર્પણ કહો, કે પ્રેમ કહો. નામ જુદાં છે, શબ્દો કે પ્રયોગો અલગ અલગ છે, બાકી ભાવ એક જ છે. બાલકની બધી સંભાળ માતા રાખે છે, તેમ તમે પણ ઈશ્વરરૂપી મહાન માતાના બાલક બની જાવ. બાલક જેમ માને પ્રેમ કરે છે, તેમ તમે ઈશ્વરરૂપી માતાને પ્રેમ કરો. પછી તમારી બધી જ જવાબદારીનો ભાર તે ઉપાડી લેશે, ને તમારી બધી રીતે રક્ષા કરશે. તમારે કોઇ પણ જાતની ચિંતા કરવાની રહેશે નહિ. જીવનના પ્રલોભનો ને ભયસ્થાનોની સામે તમે નિર્ભય બની જશો, ને સમૃદ્ધિ તેમ જ સંકટમાં સલામત બનશો. સંસારનો કોઈયે જીવાત્મા આ વસ્તુની ખાત્રી કરી શકે છે. નાતજાત કે રૂપરંગના ભેદ વિનાના ઈશ્વરના મંદિરમાં પૂજારી બનીને કોઇ પણ પ્રાણી પ્રવેશી શકે છે, ને ઈશ્વરની કૃપાથી જીવનનો ઉદ્ધાર કરી શકે છે. ગીતાના સુમધુર સંગીત દ્વારા ભગવાને સમસ્ત માનવજાતિને– કહો કે સમસ્ત સૃષ્ટિને પોતાની કૃપાનો સંદેશ સંભળાવ્યો છે. ભગવાન કહે છે કે મારા સ્મરણને મનમાં મગ્ન બનીને જે મારી કૃપા માટે ઝંખે છે, મારા ધ્યાનમાં મસ્ત બને છે, ને મારે માટે બીજાં બધાં જ કર્મોનો ત્યાગ કરે છે, કેવળ મને પ્રસન્ન કરવાના કામમાં જ મન લગાડી દે છે, તેવા પ્રેમી ભક્તોને માટે મારા દિલમાં અપાર પ્રેમ જાગી જાય છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## સરલ બનો

સંસારમાં કેટલાય માણસો–વિદ્વાનો પણ એવા છે કે જેમને દંભના દાનવની સેવાપૂજા સારી લાગે છે. માણસો જ્ઞાન, ભક્તિ ને યોગસાધનાને નામે નવા નવા કીમિયા કરે છે, ને દાંભિક થઇને ફરે છે. ગળામાં માળા ધારણ કરે છે, કપાળે તિલક કરે છે, ને હાથમાં માળા લઇને પનઘટ પાસે કે જ્યાં લોકો વધારે પ્રમાણમાં ભેગાં થતાં હોય, ત્યાં ફરે છે ને બેસે છે. કેટલીકવાર તે હાથમાં જ્ઞાનનો એકાદ ગ્રંથ લઇને બેસી જાય છે, ને મહાન જ્ઞાની હોવાનો ડોળ કરે છે. કોઇવાર શરીરે રાખોડી ચોળી, કૌપીનધારી બનીને મહાન યોગેશ્વર હોય તેવો અભિનય કરીને તે બેસે છે. પણ તેમના વિચાર ને વર્તનમાં આભજમીનનો ફેર હોય છે. એવા દાંભિક માણસો લોકોને ભોળવીને કે ઠગીને પોતાનો સ્વાર્થ સાધી લે તો ભલે, બાકી ઈશ્વરની પ્રાપ્તિ કરી શકતા નથી, સાચું જ્ઞાન પણ મેળવી શકતા નથી, ને જીવનનું કલ્યાણ પણ કરી શકતા નથી. જીવનનું સાચું કલ્યાણ કરવા માટે જે કૃતનિશ્ચય છે, ને જેમણે સાચા અર્થમાં જ્ઞાની થવું છે, તેમણે દંભનું સેવન કરવાનું છોડી દેવું જોઇએ, ને વિચાર તથા વર્તનમાં સાફ બનવું જોઇએ. જ્ઞાનને ને દંભને હજારો ગાઉનું છેટું છે એ વાત વિવેકી માણસોએ સારી રીતે સમજી લેવી જોઇએ. ને વિચાર તથા વર્તનમાં સરલ ને સાફ થવાની કોશીશ કરવી જોઇએ.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧